૫૫૫૫

श्रीमन्न लोटेश्वर (लोहेश्वर) महात्म्य.

अष्टांकी.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર,

મેહેતા મોતીલાલ પિ. દુધારામ રાધનપુર.

અમદાવાદ

ટંકશાળમાં—"યુનિયન" પ્રિન્ટિંગ પ્રેસમાં

ઘેલાભાઈ નરસિંહદાસે છાપ્યું.

સંવત ૧૯૫૦—સન ૧૮૯૩.

કીમત રૂ. ૦-૪-૦ ચાર આના.

श्रीमत् लोटेश्वर (लोहेश्वर) महात्म्य.

अष्टांकी.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર,

મેહેતા મોતીલાલ વિ. દુધારામ રાધનપુર.

અમદાવાદ

યુનિયન પ્રીંટીંગ પ્રેસમા ઘેલાભાઈ નરસીંહદાસે છાપ્યું.

આવૃતી ૧ લી,

સંવત ૧૯૫૦ સને ૧૮૯૩.

કીમ્મત રૂ. ૦—૪—૦ ચાર આના.

अर्पणपात्रिका.

દોહરો.

વનમાળી અંત્રિક્ષમાં, લાધ્રવ તમ જગમાંહ્ય;
દીગંબર અમિ નિધિ અને, લક્ષણ ઉડૂગણ છે જ્યાંહ્ય. ૧
લટમ ઉભ્રાં શુ ગગનમાં, વિબુધ વિસારદ જેહ;
ભ્રાત તાતને માત છો, દુત્તર નષ્ટજ દેહ. ૨
તર્તિબ નવ પલ્લવ જહાં, ધારી ધીર અનંત;
જે અગ્નિ અગ્નિમનું, રામ રચ્યું ધરિ ખંત. ૩
શંકર શ્રીલોટેશ્વરા, મનહર છો મ્હારાજ;
ગતિ પ્રબળ તુંજ જગતમાં, જીવિત રાખો લાજ. ૪

મુજપુર મહાલ થાંણુદાર સાહેબ.

હરિગિતવૃત્ત.

મમશીસવ પણુથિ પ્રેમ દાખ્યો -હેમ તે રાખે જશો,
વળી આપહિત કરનાર જેષ્ટ ભ્રાત હિતકારીજ છો;
(તેનો)નવ સમજી બદલો દીસ ચર્ણાવિંદમાં પ્રીતે ધરૂં,
હે ભ્રાત સેવા આપમાં લઘુ ગ્રંથ આ અર્પણ કરૂં.

મુજ દોષ ઢાંકિ કીર્ત્તિ દાખો ગુપ્ત રાખો દિલ તણી,
ગુણ પ્રગટ કર્ત્તા પ્રીત બર્ત્તા વિઘ્ન હર્ત્તા હરઘડી;
ખામી બતાવિ વચન કડવાં કો'છો હિત ચાહી ખરૂં.
હે ભ્રાત સેવા આપમાં લઘુ ગ્રંથ આ અર્પણ કરૂં. ૨
વિરતી વિદારી આશ મારી પુર્ણ પાડીછે અતી,
મારાથી નહીં વળાય બદલો વાળશે જગત્પતી;
પંકજ પિયુશ અમૃત વચન તે પ્રેમથી હૃદયે ધરૂં,
હે ભ્રાત સેવા આપમાં લઘુ ગ્રંથ આ અર્પણ કરૂં. ૩
મતિ મંદ મારિ અનંત નથી વિદ્વંત પ્રીતે હું કહું,
પ્રણમિને વારંવાર ભ્રાતા પ્યાર દિલમાં હું ચહું;
ભૂલ હોય જેઈ ભ્રાત તે ઉરમાં ન અવરજ ધારશો,
આશા છે મન અપાર જે કૃપા સહીત સ્વીકારશો. ૪

"લી. હું છું"

કર્ત્તા.

આજ્ઞાન્કીત શેવક.

પ્રસ્તાવના.

સર્વ વિદ્યા વિલાસી સજ્જન સદ્ગૃહસ્થોને નમ્રતા પૂર્વક વિનતિ કરવામાં આવેછે કે ! ધર્મારણ્ય ક્ષેત્રમાં શ્રી લોટેશ્વર મહાદેવ કોણે અને શી રીતે સ્થાપિત કર્યા ? તેનો વિચાર નહીં કરતાં જેમ પોતાના દીલને અનુકુળ પડે તેમ વાતો કરે જાયછે. વળી આ નીચે લખેલી વાત પણ કરેછે કે ?

આગળ પાંડવો ધર્મારણ્ય ક્ષેત્રમાં આવ્યા, તેવામાં અર્જુનને એવો નિયમ હતો કે પ્રથમ મહાદેવજીનાં દર્શન કર્યાબાદ અન્નપાણી ગ્રહણ કરવું. જેથી ભીમસેનને ચીંતા થઇ કે અહીં શીવજી હોશે નહીં, અને ભૂખ્યા રહેવું પડશે. એમ પોતાના દીલમાં વિચાર કરી ઉતારામાંથી એક માટોડીની લોટી લઇ ઝાડીમાં ગયો. એકાંતમાં તે લોટી ઊંધી વાળી ઉપર વનસ્પતિનાં ફુલ ચડાવી પાછો પોતાના સ્થાનકે આવી બેઠો થોડીવાર પછી દ્રૌપદીએ રસોઇ તૈયાર કરી સૌને ન્હાવાનું કહ્યું સૌ ન્હાઇ પોત પોતાના આસનપર આવી બેઠા. અર્જુન બોલ્યો ! મારો નીયમ તોડાય નહીં. વાસ્તે હું મહાદેવજીનાં દર્શન કરી આવુંછું. યુધીષ્ઠિરે કહ્યું, અહીં શીવજી કયાંથી હશે ? ભીમ બોલ્યો ! હું આજ પ્રભાતમાં જંગલ જોવા નીકળ્યો ત્યાં મહાદેવજીછે. અર્જુને કહ્યું ત્યારે મારી સાથે ચાલો, મને દેખાડો. ભીમસેન પોતે કપટથી ઉંધી પાડેલ લોટી પાસે લઇ જઈ કહ્યું કે આંહી શીવજી છે. અર્જુને શાષ્ટાંગ પ્રણામ કર્યા. બાદ પોતાના સ્થાનકે આવી જમવા બેઠા. જમી રહ્યા પછી સૌ ઉઠયા ત્યારે ભીમસેને કહ્યું કે

અર્જુન ! તમે નિયમ તોડયો. મેં કપટથી લોટી ઉંધી પાડી છે. ચાલો તમારે ખાત્રી કરવી હોય તો બતાવું. બાદ બન્ને જણુ ત્યાં ગયા. ભીમસેને તે લોટી ઉપાડી ત્યારે અંદરથી શીવજીનું બાણુ નીકળ્યું. તેથી અર્જુન હર્ષીત થયો. બાદ બન્ને પોતાના સ્થાનકે આવી સર્વ વાત કહી સંભળાવી.

પ્રીય વાંચનાર ! ઉપરની વાત ખોટી નથી, બલકે આ હકીકત આંહીની નથી. પરંતુ કાકરેજ જીલ્લામાં થરાદ પાસે "સાસણુ" કરી બ્રાહ્મણોનું ગામછે તે સ્થળની આ હકીકતછે. અને "લોટેશ્વર" એવું નામ પણ તે મહાદેવજીનું છે.

હાલમાં કેટલાંક હાસ્ય રસી પુસ્તકો છપાયા કારણે સર્વ વ્યણુ રાગમાં લીન થયેલાછે, તેજ કારણુથી આ પુસ્તક નાટક રૂપે લખેલ છે તેમાં કોઇ સજ્જન દોષ નહીં આપશો. દોષ આપવાનું મુખ્ય કારણુ એજ છે કે આ પુસ્તક નાટક રૂપે લખતું મુનાસિબ નથી બલકે ઉપરના કારણસર સર્વનું દીલ રંજન કરવા સદરહુ પુસ્તકની હકીકત નાટક રૂપે લખેલ છે.

પ્રાચિન કાળમાં માર્કંડ ઋષિએ આ સ્થાનક પ્રસિદ્ધ કરેલું છે. તેમજ આ ક્ષેત્રનો મહિમા પૂર્ણ અંતઃકરણમાં ઉતારવા તેમને સરસ્વતિ મહાત્મ્યના સ્કંધપુરાણુમાં મુખ્ય મુખ્ય અને પ્રથક્ પ્રથક્ શ્લોકોમાં વિવેચન કરેલુ છે. અને તેમને લખેલ હકીકત તદન સ્વભાવિક તેમજ વાસ્તવિક છે એવું સર્વ આર્ય બંધુઓના જાણુવામાં આવશેજ. જેથી તેમને રચેલી સંસ્કૃત હકીકતનો કારણુ પૂરતો ઇન્તેખાબ લઇ તેના અર્થ શુદ્ધ ગુજરાતીમાં તૈયાર કરાવી મુખ્ય જાણુવા

નામકસારાંશ આ પુસ્તક અંદર ખેંચી લેવામાં આવ્યો છે. તેનું કારણ એજકે ! એકતો રક્ષક બુદ્ધિવાળા અને પ્રાચિન ઉપર વધારે વિશ્વાસ બેસે, એટલે ઉત્પ્રેક્ષા મારી પોતાની નવિન છે એમ ડોળ ઘાલવાની જરૂર રહી નથી.

પ્રાચિન કાળથીજ આ સ્થાનક પિશાચ આદી રાક્ષસી માયાનું હરણ કરનારછે. એટલે જે જે માણસોને ભૂતાદિકનું નડતર હોયછે તેને તે તેવીજ બાબતની આખડી રાખવાથી શંકરજી તેને પડેલ અને પડતી વિપત્તીઓ દૂર કરેછે. વળી આ સ્થળમાં એટલો ચમત્કાર રહેલોછે કે, કોઇ કોઇ ઠેકાણે ક્યાંતો માતાનું અગર તો પીતાનું શ્રાધ સરાવાયછે ! બલકે આહીંતો તે બંને થઈ શકેછે. એટલે આવી આવી પ્રથક પ્રથક બાબતો સર્વે સજ્જનોના જાણવા બહાર નહીંજ હોય ! જેથી વધારે વિવેચન કરવું વાસ્તવિક નહીં ધારતાં બંધ રાખુંછું.

આ પુસ્તક અંદર પ્રથક પ્રથક આઠ અંક બાંધવામાં આવેલ છે. એટલે પ્રથમ અંકમાં "લોટેશ્વર" નામ કોણે પાડ્યું, અને પંગતિર્બિ કોણે અને શી રીતે સ્થાપી, એ વીગેરે વિવેચન કરવામાં આવેલછે.

દ્વીતિય અંકમાં મુંજપુર કોણે વસાવ્યું, અને તેલ તલાવડી શાથી પ્રસીદ્ધ થઈ, અને તેનું પરાક્રમ શા કારણથી વધતું ગયું એ વીગેરે વિવેચન કરવામાં આવેલછે.

તૃતિય અંકમાં, કર્મશી રયવીની દુર્દશા, અને પાછળથી તેને શીરીતે અને કોણે રાજ્ય અપાવ્યું એ વીગેરે વિવેચન કરવામાં આવેલછે

ચતુર્થ અંકમાં, કર્મશીનું રાજ્ય સ્થાપિત કરવા કરેલ વિચાર, એ વીગેરે હકીકત દર્શાવવામાં આવીછે.

પંચમ અંકમાં, લોટેશ્વર મહાદેવની ચોતરફ ફરતો પહાણનો કીલ્લો તથા અંદર પાંચ દેહરાં બંધાવેલ એ વીગેરે દર્શાવેલછે.

શષ્ટમ અંકમાં, દીલ્લી તખ્તનસીંગે ખંડણી લેવા કરેલ વિચાર અને પાછળથી માણસ મોકલવા કરેલ નિશ્ચય એ વાગેરે દર્શાવેલછે.

સપ્તમ્ અંકમાં દીલ્લી તખ્તનસીંગનું વઢીઆર આવવું અને દેરાં તોડી મુર્તીઓ ખંડીત કરેલ એ વીગેરે વિવેચન કરવામાં આવેલછે.

અષ્ટમ્ અંકમાં પ્રખ્યાત માર્કંડ ઋષિએ કરેલ શ્લોકો તથા પ્રીય વાંચનારને જાણવા યોગ્ય મહીમા, તથા દૃષ્ટાંત સાથે કેટલીક જાણવા લાયક યથાસ્થીતી દર્શાવવામાં આવી છે.

આ લઘુ પુસ્તકની અંદર બે વાતો દર્શાવીછે, તે એ કે એકનો મીત્રાઇના હકમાં કેવી સ્નેહતા રાખવી જોઇએ. અને તેને (મીત્રને) પડેલ વિપત્તી તે પોતાનેજ પડીછે. એવું ધારી વિદ્વાન વ્યાસ પોતે રાજ્ય મળ્યા છતાં પણ સ્નેહીનું વિઘ્ન દુર કરવા અર્થે કેવી યોજના કરી તેને રાજ્ય અપાવેલુંછે. કરનાર પરમેશ્વર એકજ છે અને જે જેના પ્રાલબ્ધમાં હોય તે આવી મળેછે પરંતુ સ્નેહના અર્થે તે વ્યાસની કિર્તી પણ જયાદે વધી અને પોતાના સ્નેહીનું સવ વિઘ્ન દુર કર્યું. એટલે એકનો મીત્ર પ્રતિ ધર્મ જાણવાનોછે, અને બીજું એજછે કે વ્યગ્રા ગાયનો એથી કરી રમુજ સાથે આ પુસ્તક વાંચવા ઉત્કંઠીત સર્વસજ્જનો થાય!!!!

વળી કેટલાક સદ્‌ગૃહસ્થો તરફથી આ પુસ્તક ટુંક મુદતમાં બહાર પાડવા રૂબરૂ અને લેખીતથી ખબર મળ્યા. અને આ અવ-લની કોપી વ્રજ ભાષામાં રચેલી તેમાં સર્વનો અભીપ્રાય એમ હતો

કે ગુજરાતી ભાષામાં રચવું એ વધારે સારૂં છે. કારણકે પુખ્ત ઉ-મરે નહીં પહોચેલા, અને અલ્પ અભ્યાસ કરેલા લોકોને પણ વાંચવું સુલભ પડશે, જેથી તેમના અભીપ્રાયને અનુસરી આ પુસ્તક સુધ ગુજરાતી ભાષાથી રચવામાં આવ્યું છે.

મુંજપુરના શુકલ પ્રાણશંકર જાદવજીએ આ પુસ્તકની સરવસ્વ બીના ઉતરાવવા ખરા અંતઃકરણથી મહેનત લીધીછે, જેથી તેમનો અતીશય આભાર માનુંછું, કે આવાં શાસ્ત્રાદીક પુસ્તકો પ્રગટ કરાવવા જેવી ઉત્પ્રેક્ષા રાખોછો અને રાખે જાઓછો જેથી હું અતિશય સંતોષ છું.

તેમજ ! પરમ સ્નેહી ત્રીભોવનદાસ નથુરામ તથા મેહેતા મોહનલાલ જગજીવનદાસે પણ આ પુસ્તક અંદર સારી મદદ આપીછે, જેથી તેમનો પણ અતીશય આભાર માનુંછું.

પરમસ્નેહી મોહનલાલ જગજીવનદાસે, મારા તરફથી બાહાર પાડવાની, "સંગીતમદનમોહના નાટક"માં પણ સારી અને સર્વોત્તમ મહેનત કરીછે ! જેથી હું આશા રાખુછું કે હાલની તમારી ઉત્પ્રેક્ષા પ્રમાણે આગળ ઉપર પણ તેવાજ ઉત્સાહથી મદદ આપશો એવી ઉમેદ છે. એજ વીનતી.

લી કર્તા.

સૂચના પત્રિકા.

ઘણા લાંબા અરસાથી ઉત્કંઠિત્ થઈ રહેલા સુજ્ઞ ગ્રાહકો! આ પુસ્તકની રાહ જોઇ જોઇ આપ પણ થાકી ગયા હશો? પણ તે દરગુજર કરશો, એવી મારી અરજ છે. કારણ કે આ પુસ્તક અંદર કેટલોક સુધારો વધારો કરવા જરૂર જણાયાથી આટલા લાંબા અરસાની દેર થઈ છે, વાસ્તે માફ કરશો!

સુધારા વધારાથી ધારવા કરતાં પુસ્તકનું કદ જ્યાદે થઈ ગયું છે, પણ કીંમતમાં બીલકુલ પણ ફેરફાર કરવામાં આવ્યો નથી.

હું કેટલેક ઠેકાણે જોઉંછું તો, નવું પુસ્તક આવ્યું ત્યારે તેના ઉપર અત્યંત પ્યાર દર્શાવી, તેમજ વાંચવું બાકી રહ્યું હોય ત્યાં સુધી, તથા જ્યાં સુધી પુસ્તક નવું હોયછે ત્યાં સુધી તેના ઉપર ખ- શે પ્રેમ રાખી, તેને કોઇ અપવિત્ર જગ્યોએ, કે રઝળતું રાખતા નથી. અને વાંચી રહ્યા પછી, તેમજ જૂનું થઇ ગયા પછી, તેના હેવાલ એવા હોય છે કે પગ નીચે અથડાતાં છતાં પણ તેને યોગ્ય સ્થળે રાખતા નથી. જેથી સર્વ આર્ય બંધુઓને સૂચવવામાં આવેછે કે! ઉપર પ્રમાણે સદરહુ, અગર બીજું કોઇ પણ પુસ્તક આવી ગેરવ્યવસ્થાથી નહીં રાખતાં, તેને યોગ્ય આસન અગર કબાટ કીંવા ટેબલ ઉપર રાખવા ખાસ ભલામણ આપવામાં આવેછે! તો, મારી અલ્પ અરજનો સર્વ આર્ય બાતો સ્વીકાર કરશો! એમ આશા રાખુંછું.

કર્તા

મ. મોતીલાલ વિ. દુધારામ.

શ્રીમન લોટેશ્વર (લોહેશ્વર) મહાત્મ્ય.

અંક ૧ લો.

મંગળાચરણ.

(અંથારભે ગ્રંથ કર્તાની પરમેશ્વર પ્રત્યે સ્તુતિ.)

(રાગ પ્રણુત પ્રતિપાળ.)

પ્રણુમુ પ્રતિપાળ, દિનદયાળ; ક્રિપા કરો, પ્રભુ જાણી બાળ. એ ટેક.

ત્રિગુણુ રૂપે આપ નિયંતાહાં,
સુમતી સબળ ઘો વિજય અપાર. પ્રણુમું૦ ૧
મંગળ પ્રદ સુવર લક્ષ ઘોહાં,
ત્રિગુણુ રહીત જગ તાત આ વાર. પ્રણુમું૦ ૨
અસ્તિ ભાતિ પ્રિય રૂપ સર્વ ગતહાં,
રમ્ય રચિ ચાહી રચના અપાર. પ્રણુમું૦ ૩
પ્રાણિ માત્રમાં પ્રીત ધરંતાહાં,
ઇચ્છા તુંજ અનૂપ આ વાર. પ્રણુમું૦ ૪
ઉષ્ણાંશુ ઉડ઼ગણુ તે રચીયાંહાં,
પાવક પિયુશ પંકજ પ્રતિકાર. પ્રણુમું૦ ૫
વનસ્પતિમાં કુસુમ વિચિત્રાહાં,
અશોક કેકિની સારદા સાર.[૧] પ્રણુમું૦ ૬

---

[૧] સાદ.

તુંજ સત્તાએ રવિ પ્રકાસે હાં,
ગ્રંથ ગુંથુંછું નવિન રસાળ. પ્રણમું૦ ૭
સરસ્વતિ મ્હાત્મ્ય સ્કંધ પુરાણે સાર,
આરંભું રિતિ નાટય આ વાર. પ્રણમું૦ ૮
અલ્પ મતિ હું દાસ તણીજ અપાર,
સાહ્ય થશો હે જગદાતાર. પ્રણમું૦ ૯
પ્રણમી વંદે મોતીલાલ,
ભૂલ ચૂક કરો માફ આ વાર. પ્રણમું૦ ૧૦

ગીતી.

સદોદિત ત્રીપુરારી, કુબ્ધીન કરવા દૂર પાય લાગું.
સિરનામી અવેરે, ઇચ્છ્યા વશ્ય હું સરસ્વતી માગુ. ૧
શ્રી ગણપતિ હું તુજને. ગ્રંથારંભમાં પ્રથમ સિર નામું;
દુર્ગામાતા પ્રીતે, શ્રી હટેકશ્વર જુઓ બાળ સામું. ૨
મંદમતી છે મારી, આશ પંચદેવા મુજને તારી;
તો વિનતી મુજ સારી પ્રેમ ધરીને લેશો સ્વીકારી. ૩

સ્થળ રૂષીઆશ્રમ.

માર્કંડરૂષી:—(અંબાજીની સ્તુતિ રાગ. નાથકેસે ગજકો બંધ છો૦)
સાચીરે દેવી અંબા મેં તુજને જાણી, આનંદસુરી શ્રીરાણી સા૦ ટેક.
આર્ઠ અભયવરની છો દાતા, ઘટ ઘટ વ્યાપ્યાં આપ;
પોતાનો કરી તેં મુને સ્થાપ્યો, માહેશ્વરી ગુણ જ્ઞાની. સાચીરે. ૧
પાર ન પામે માતુ કો તારો; બ્રહ્માદિકથી ન કળાયે;
ત્રીપુરા બાળી કિપા તુંજ ભારી, જયજય યૈ વિશ્વવાણી. સાચીરે. ૨

ક્રિપા દ્રષ્ટિ તારી ઘણીછે, માહેશ્વરી મહંમાયે;
મુખ જોતામાં સુખજ થાયે, ત્રીગુણવેદ વખાણી. સાચીરે. ૩
સચરાચર ત્રીસુળ ધારી તેં, માયા સઘળે પ્રસારી;
શ્વેતાચળે નિવાસજ માત, દીધોછો નિર્મળ વાણી. સાચીરે. ૪
તુંજ ક્રિપાએ સુખ માણે સૌ, કરને ક્રિપાદ્રષ્ટિ;
જમ કીંકર ભય જાય જગતને, જપે અંબા મુખ વાણી. સા૦ ૫
અંબા અહર્નીશ નામ જપેથી, પળ પળ પાપ કપાયે;
તેહ સમાન આ સૃષ્ટિ વિષે, અવરદેવી મેં ન જાણી. સાચીરે. ૬

(ઈશ્વર સ્તુતિ. રાગ ધનાશ્રી.)

ક્રીપાસીંધુ ભગવાન, જયજય, ક્રીપાસીંધું ભગવાન. ટેક.
અખીલ વિશ્વના રક્ષપતિછો, સકળ ગુણ નીધાન. જયજય. ૧
પરદુ:ખ ભંજન પરમ ક્રિપાળુ, સ્વરૂપે કાં અભિધાન. જયજય. ૨
નીરંજન જય નીર આકૃતી, મનમય મુર્તી સમાન, જયજય. ૩

ચાલમંન ! હવે સમાધી કરવાનો વખત થયોછે, વાસ્તે આસન ઉપર બેસુ (એમ કહી બેહેછે તેવામાં કોઇનો સ્વર શ્રવણે પડવાથી સમાધી ચહડાવી જુએછે બાદ) અરે ! ! ! આ દુષ્ટ અસુરે આવી એકાગ્ર ચીત્ત ભક્તિ કરવા માંડીછે, તેથી આગળ ઉપર મહા ખરાબ નીવડવાનું પણ હવે શું કરવું ? હે ભક્તવત્સલ ! જે તેં ધારી હશે તે થાશે. પણ હે ક્રીપાનીધાન આ દુષ્ટની વૃત્તિ મહા અનાચાર ઉપર ધસેછે. વખતછે ને શંકર મહારાજ પ્રસંન થશેતો અમારો કાંઇ ઈલાજ નથી. વાસ્તે ચાલ મન ! પ્રથમથીજ તેનો ઉપાય કરૂં (જરાવિચારકરી) અરેરે ! ! ! પણ ભક્તી ભંગ કરવામાં અતિશય દોષછે. ખેર. જે

પ્રભુએ ધારી હોશે તે ખરી!!! (એમ કહી સમાધી ચઢાવે છે ત્યારે સર્વ રૂષીમંડળ આવી સમાધી ચઢાવી એકાગ્રચીત્તે ઈશ્વરનું ધ્યાન ધરે છે.

(સ્થળ લોહાસુર શ્રમ નજદીક પારથેશ્વર.)

લોહાસુર—(એકલો) જય જય ત્રીપુરારી, હે ક્રિપાનિધાન આ કીંકરને સાહ્ય થા!!!

સ્તુતિ કરેછે. માલીનીવૃત્તમ્.

શીવજી શરણ તારા, આવીને હું રહ્યોછું;
હર હર સ્વામી, દીન દુખી થયો છું. ૧
અનજળ તજતાં મે, કષ્ટ લેશે ન લાધું;
પણ દિલ અતિ દાઝે, દર્શ સ્વપ્ને ન દીધું. ૨
તપ કરી અતિ થાક્યો, વર્ષ વિત્યાંજ જ્યારે;
વિઘન હરણ શંભૂ, દીન દુભાય ભારે. ૩
હર હર હર શંભૂ, વીનતી દીલ ધારો;
જગ સરજન હુંછું, રંક આ દાસ તારો. ૪
તનય સમિપ આવી, પાપ મારાંજ કાપો;
તનય સમિપ આવી, પ્રીતથી દર્શ આપો. ૫
મનહર મુરતી છો, સર્વ [illegible] શ્રેષ્ટ દાતા;
પળ પળ રહિ [illegible], લ્હાવ લીધો ન ધાતા. ૬
શિશુજળ મિન આછે, છેહદ્યો શું દયાળુ;
નવ દુર કરતાંરે, પાસ રાખો ક્રિપાળુ. ૭

દિલ ધરી સઘળી આ, વીનતી લ્યો સ્વિકારી;
દરશન દિલધારી, શાન્ત થાઓ મુરારી. ૮

અહો પરમ કૃપા નિધાન! મેં તારી બહુ શેવા કરી, અને અત્યત સંકટ સહન કર્યું વાસ્તે હે જગદાધાર હવે સાહ્ય કર! હે શંકર મહારાજ મહાત્મા પુરૂશો તમારૂં સ્મરણ કરેછે તેને તમે બીન સંકષ્ટે પ્રસન્ન થાઓછો. મહારાજ! મેં કોઇ દીવસ અધર્મ કર્યો નથી તોપણ મારો અપરાધ થયો હોયતો ક્ષમા કરી હવે સાહ્ય કર? મહારાજ! હવે પ્રસન્નથા!!! ચાલ મન એના કરતાં હવે સીર અર્પણ કરવુ એ વધારે સારૂં છે. (એમ કહી ઉભો થાય છે.)

ભેરવીની ગજલ.

દઊંછું શીર આપીરૂં ક્રિપાળુ શીવ તુંજને,
અપરાધ સ્વામી શો છે મારો કહોને આવી મુજને.
અગાધ કરી ગેન અર્પુ શીષ મુજ આહીરે,
ધરીત નથી આ જરી વિચારો શિરગાંડીરે. દઊં. ૧
દાતા છો ભોળા આપ સ્થાપ છેલી વિનતી રૂદે,
નથી સહેવાતુંરે જરી હવે જરાતો લક્ષ દે. દઊં. ૨
લીધો ન લહાવ શેવમાં સહન કરી વિપત્તી,
નકીજ પ્રાણ, દેવો એવી મારી થૈ નિશ્ચેમતી. દઊં. ૩

જયશંકર! જયશંકર!! જયશંકર!!! (એમ કહી
શીશ જેટીકા મારવા જાયછે)

શીવજી—(અતીથી રૂપે પ્રવેશકરી) સબુરકર! સબુરકર!! ભક્ત બોહાસુર સબુરકર!!!

ત્રીતાળી ચોપાઈ.

ધન્ય લોહાસુર તુજ માત, તારી ટેક વિવેકી અખાત. ૧

થાસે દૂર સહુ પરીતાપ..................................

લોહા..................મુને આશછે આપ પ્રતાપ. ૨

જોગી વેષે દીધાં દર્શન. ગુરૂ મુને કીધોછે પાવન. ૩

આપ પ્રસન થયછો પ્રીતે, મનવાંછીત વર ઘો હીતે. ૪

શીવજી–તારી સાધ્ય તપસ્યા ધન્ય, માગ્ય માગ્ય હોયે તુંજ મન. ૫

નહીં શંશય દીલમાં રાખ, તારે જે જોઇએ તે ભાખ. ૬

લોહા– સ્વામી પ્રથમ વચન મુને આપો, વળતી દુઃખ દાસનાં કાપો ૭

શીવજી–

ગીતી.

દાસ વચન હું આપું, સાચો તુજને જાણી ભક્તિવાન;
પ્રથમ કહેવું મારૂં, ગુરૂપદ નવ તજવું થૈ નાદાન. (વચન આપેછે)

લોહા—કીપાનીધાન! મારૂ મૃત્યુ કોઇના હસ્તેથી ન થાય એવું માગુછું

શીવજી—તથાસ્તુ પણ ભક્તીનું નામ, અને ગુરૂપદ વિસારીશ તો તારૂ મૃત્યુ થશે.

લોહા—(સાષ્ટાંગ કરી) જેવી ગુરૂજીની આજ્ઞા.

ગજલ (હમે તો આશકહે)

કરી કૃપા અપાર રાખી, લાજ પધારી પ્રભુ;
અભય વચન આપી મુને, કીધો સુખકારી પ્રભુ. કરી. ૧
પ્રીતે પધારી ગુરૂજી, દેહ આ પાવન કરી;
મારી માગ્યું આવાર થયા, આપ હિતકારી પ્રભુ. કરી. ૨

જોગી રૂપે પધારીને આશા દીલે પાર પાડી;
શું ઉહાવું આપ શેવા, મંદમતી મારી પ્રભુ. ફરી. ૩
રાખી લાજ પ્રીતે મારી, સઘ વર દેઈ આપે;
પ્રણમું છું વારંવાર મારી, કીર્તી વધારી પ્રભુ. ફરી. ૪

શીવજી— બીહાગની લાવણી.

તુંને સાબાશ છે અસુર ભક્ત આ વારે,
તુજ ટેક જોઇને હર્ષ થાય દીલ ભારે. ૧
તુજ જોવા સત્ય અસત્ય વાર મેં કીધી,
મેં જાણ્યું આદરી ખરી જોહિઆ લીધી. ૨
હવે છેલી સીખ આ દઉં હૃદયમાં સ્થાપો,
નવ કરવા ધાશો દોડી કુકર્મ અમાપો. ૩

ભક્ત લોહાસુર! આટલી વાત દીલમાં રાખજો, (એમ કહી અંતર્ધ્યાન થાયછે)

લોહાસુર—ચાલ મન, હવે શેવા કરવાનો વખત થયોછે વાસ્તે નહાઈ આવું. (જાયછે)

સ્થળ ઋષીઆશ્રમ.

માર્કંડ—(રૂષિઓને) દુઃખ થાય મુને આવાર કૂલ બુરૂં થયુરે. એ રાગ.
દુઃખ થાય દીલમાં ભારે કૂલ બુરૂં થયુરે. ટેક.
શીવજીએ વરદાનજ દીધું, અરે કામ બહુ ખોટું કીધું;
તેમ અસુરે કુપદ લીધું, જાણો સર્વે સુખ ગયુંરે. દુઃખ. ૧
અરે શીવજી આ શું કીધું, અસુરને વરદાનજ દીધું;
અમને નાંખ્યા અધવચ સીધું, જેથી સર્વે સુર ગયુંરે. દુઃખ. ૨

ઋષિ ૨ જો—સુણો ગુરૂજી પ્રીતે આંહે, કરૂં ભષ્મ અસુરને ત્યાંહે;

વિચારજો આપજ દીલ માંહે... ... ...

માર્કંડ— ... ... શું શીવજી ચૈતન ગયુંરે. દુ:ખ. ૩

ઋષિ ૨ જો— (જફાવો સીતમ) ગજલ.

બનીછે હકિકત શી શીરતાજ,
કૃપા કરી કે'શો મુને ઋષિરાજ. ૧
દીધું વરદાન શીવે શા કાજ,
શું પ્રસન્ન થયા ઝટ શીવ મહારાજ. ૨

માર્કંડ— તેણે શીવ શેવા ચીત્તથી કરી,
દેવા સીર સધ વકી આદરી. ૩
પછી શીવે પ્રીતે પ્રસન્નજ થઈ,
અભય વર આપ્યો પ્રીતથી તહીં. ૪

હવે તેનો વિચાર એવો થયો છે કે, અહીંથી ઋષિઓને કાઢવા. હવે મહા વીમાસણ આવી પડીછે. કારણ કે તેનું મૃત્યુ આપણાથી કે બીજા કોઇથી થઇ શકે તેમ નથી. શીવજી એ પણ આપણો કાંઇ વિચાર રાખ્યો નહીં હવે શું કરવું !!!

ઋષિઓ—ગુરૂજી આપ શા વાસ્તે દીલગીર થાઓ છો! શીવાજીની પ્રાર્થના કરી આપણને કોઇપણ રીતે હરકત નહી થવા બંદોબસ્ત કરવો, એ વધારે સારૂં છે.

માર્કંડ—વાસ્તવિક છે, પણ હાલ શીવજી કૈલાશ પર્વત ઉપર પધાર્યા છે, એટલે તેમનાથી તાકીદે અહીં અવાય તેમ નથી. કેમકે પ્રથમથી એ યોજના કરવા મારો વિચાર હતો.

લોહાસુર—(પ્રવેશ કરી) રૂષિજી મહારાજ! આપ આપના મંડળ સહીત અહીંથી બીજે સ્થળ પધારો. કારણ કે આ સ્થળ આપ જેવા પવિત્ર રૂષિઓને સેવવું યોગ્ય નથી.

માર્કંડ—પરાક્રમી લોહાસુર! અમારા અહીં રહેવાથી તમારે કોઈ તરેહની હરકત છે?

લોહાસુર—રૂષિજી! હરકત શું કહેવાય? તે હું કાંઇ જાણતો નથી. પણ મારૂં કહેવું એજ છે કે આપ અહીંથી બીજે સ્થળ પધારો તેમાં સારૂં છે, નહીં તો પાછળથી પસ્તાવું પડશે.

માર્કંડ- લોહાસુર અમે તમારે સ્થાનકે આવીએ ત્યારે તમે કાઢી મુકજો, પણ અહીં તમારે બોલવું વાસ્તવીક નથી.

લોહા૦—રૂષિજી! વાસ્તવીક ગેરવાસ્તવિકની સમજ તમારી પાસે રહેવાની છે, મેં નમ્રતાથી કહ્યું છતાં તમારા હૃદયમાં ઠસવું મુશ્કેલ થઇ પડયું છે. પણ આખરે એ જગ્યાથી નીકળ્યા વીના તમારો છુટકો નથી, વાસ્તે પ્રથમથી વિચારો તો સારૂં છે.

માર્કંડ— **રામથી. "સેવક દુઃખ શું દાખવું." એ રાગ.**

રે, ઈશ્વર તારી ગતી, ધારી શકે ન કોય;
શું દીલમાં ધારેલ તે, થતુ આ શું તે જોય. રે ઇશ્વર. ૧
શું કહેવું અસુરને, સમજે નવ દીલ માંહ્ય;
શીવજીએ વરદાન દઇ, વિપરિત કીધું આંહ્ય. રે ઇશ્વર. ૨
નેત્ર દીસેછે ક્રોધમાં, દુષ્ટ કરવા કાજ;
શ્રમ આ ભ્રષ્ટ કરે નકી, તેને દીલ ન લાજ. રે ઇશ્વર. ૩
ક્રોધી જનને ક્રોધમાં, દીલ નહીં રે વિચાર;
અસુર દેહછે તેહની, બુદ્ધિ નહીંરે લગાર. રે ઇશ્વર. ૪

લોહા૦—રૂષિજી! આપને વિચાર કરતાં ઘણાં વર્ષ વિક્રાંત થવા સંભવેછે. વાસ્તે મારા પ્રથમ કહેવા પ્રમાણે જલ્દી અહીંથી નીકળો, તમારૂ કાંઇ કામ નથી.

માર્કંડ—(ક્રોધમાં) અરે લોહાસુર તું તારે માર્ગે ચાલ્યો જા, અહીં તારો કોઇ પ્રકારે દાવો નથી, મારૂં કહ્યું નહીં માને તો આખરે પસ્તાવું પડશે.

લોહા૦—રૂષિજી ગેર ઘટીત બોલેથી તમારૂં કાંઇ ચાલી શકે તેમ નથી, કદાપી ચાલતું હોય તો મારા રાજ્યમાંથી બીજે જઇ ખુશી પ્રમાણે વર્તજો, પણ પ્રથમ અહીંથી નીકળો, આશ્રમ અને ભૂમી તમારી નથી

માર્કંડ— **ત્રીતાળી ચોપાઇ.**

શું તું દીલ મધ્યે દુષ્ટ વિચારે, શ્રાપે ભષ્મ કરીશ આ વારે. ૧
નથી જાણી અમારી સ્થિતી, દુષ્ટ કરવા ચહેશું અનિતી. ૨
શું તું ગર્વજ દીલમાં ધારે, શ્રાપે ભષ્મ કરીશ આ વારે. ૩
નથી અમને છેડયામાં સાર, દુષ્ટ દીસે જરા તું વિચાર. ૪
ક્રૂર કાર્યમાં પાય શું ધારે, શ્રાપે ભષ્મ કરીશ આ વારે. ૫
અમને દુભી થશે કોણ સુખી, હસ્તે ઇચ્છે શું થાવા દુઃખી. ૬
છેલ્લે કહું તે દીલમાં ધારે, શ્રાપે ભષ્મ કરીશ આ વારે. ૭
લોહા૦—નથી જાણતા શું મારો ધર્મ, આજે દુર કરૂં તુંજ મર્મ. ૮
મારી રીતી તમો નવ જાણો, મારો ધર્મ શંભુમાં સંધાણો. ૯
નવ રાખુ કોઇની શરમ, નકી તજાવું સર્વનો ધર્મ. ૧૦

માર્કંડ— દાદરો. નાગનકે બચ્ચે. એ રાગ.

જો વિચારી દુષ્ટ લોહાસુર મારી વાત,
વચન મારૂં એજછે કે થાશે તારી ઘાત. જો. ૧
શું ધારેછે બળ તુંમાંછે રિપુ અપાર.
મુગ્ધ મતી થઇ તારી દુષ્ટ છે ધિક્કાર. જો. ૨
દુષ્ટ ગર્વ ધારી દીલ આવે શું ધસ્યો
મૃત્યુ આવ્યું તારૂં નક્કી કળિ દિલ વશ્યો. જો. ૩
ધર્મારણ્ય ક્ષેત્રમાં શું છે આવા અસૂર,
જાને પાપી નીચ સઘ મુજ થકી દૂર. જો. ૪
કટક લાવું હું અસુર દુષ્ટ તું પરે,
જાણીને શુ કર્મ ક્રૂર પાય તું ધરે. જો. ૫
આ અદૃશ્ય દુર લોહાસુર મુર્ખા થા,
થાય શું તુરે અરિષ્ટ અઘ દૂર જા. જો. ૬

લોહા૦—અરે નિર્લજ ઋષિ ! મેં સમતા સાથે કહ્યું, છતાંનથી માનતા ધીક્કારછે તમારી જાત અને જમાતને. અરે નીર્ગુણ ઋષિ! તમે અહીંથી નીકળો (અત્યંત ક્રોધાયમાન થઇ આસન ભ્રષ્ટ કરી ઋષીઓને કાઢી મેલે છે.)

ગીતી.

શું વિચારો દીલમાં, આ સ્થળમાં શુ પ્રથમ તમે આવ્યા;
નથી સૂર પૃથ્વીમાં, આશ કોનિમાં ઋષિજનો ફાવ્યા. ૧

માર્કંડ—અરે દુષ્ટ, દુરાચારી, નીચ, લંપટ તું યાદ રાખ ! અમને છેડયાનું શું ફલ પ્રાપ્ત થાય છે ! અરે દુષ્ટ, ગંડક તેં અમારાં આસન

ભ્રષ્ટ કર્યા ! હું તો અહીંથી જાઊંછું, પણ યાદ રાખજે કે હવે તારી શી ગતી થાય છે. રામ ! રામ ! ! રામ ! ! !   (સર્વ જાયછે)

સ્થળ—તીર્થ મુંઢેરા.

રામચંદ્ર—લઘુભ્રાતા લક્ષ્મણ ! કાલે જે સુવર્ણનો સ્થંભ તૈયાર કરાવ્યો છે, તેવો બીજો કરાવવો જોઈએ.

લક્ષ્મણ—જેષ્ટ ભ્રાતા બીજો સ્થંભ પણ તૈયાર છે. વળી એક સ્થાનક પણ તૈયાર કરાવવામાં આવ્યુંછે.

રામ—બહુસારૂં.   (વિચાર કરેછે)

લક્ષ્મણ—જેષ્ટ ભ્રાતા આપ શા વિચાર કરો છો ?

રામ—   **સીંહાનો કનરો.**

આજ મુને કાંઇ દીલમાં ભાસે, આવે છે કોઇ માદરી પાસે. આજ.
મહાત્માજન ઉદર રમેછે, આશ ધરી કો આવેછે ત્રાસે. આજ. ૧
વન વિકટમાં એમજ લાગે, ૠષિજનો આસપાસજ નાસે. આજ. ૨
મારા નામની માળ જપંતા, વ્યગ્ર ચીત સૌ આવેજ ત્રાસે. આજ. ૩

લક્ષ્મણ—   ગજલ (હુમતો આશકહે.)

એ શું વદોછો મુખેથી આપ વિચારી ભ્રાતા.
કોણ ૠષી આવે શાને, વાત દીલ શિ ધારી ભ્રાતા. એશું. ૧
આદ્ય અનાદી ધરણી ઢળતા સ્વપ્ન વશ્ય કાંમાં ન થયું.
કો ઉત્તમ નર પૃથ્વી પડયો તે સમાધીથી પેખો ભ્રાતા. એશું. ૨

રામ—લઘુ ભ્રાતા જે હોશે તે માલુમ પડશેજ !

માર્કંડ—(ૠષીઓ સહ પ્રવેશ કરી) પરમ કૃપાળુ ભક્તવત્સલ, પાહીમાં ! પાહીમાં !!

રામ—અહો માર્કંડ મુનીજી આપનું પધારવું એકદમ શાથી થયું? આપ કેમ વ્યગ્ર ચીત્તે દિસો છો, મારા સરખું કામ હોય તે ફરમાવો ?

માર્કંડ—પીલુ. કહું શું નશીબે. એ રાગ.

અરજ સુણો પ્રભૂ પ્રીતે અમારી, પીડે અમને લોહાસૂર ભારી. અ૦
ભક્તિ ભંગ સરવને કરીને, આસન ભ્રષ્ટ કર્યાછે મુરારી. અરજ. ૧
લોહાસૂર અસૂરછે ત્યાંહે, કીધું કાર્ય મહા કષ્ટકારી. અરજ. ૨
વા’રે ચઢજો વિઠ્ઠલ આપ, ભક્તિ ભંગ આ થઈછે અમારી. અ૦ ૩
મરજી અન્વય રામજી કરશો, અસૂર પીડે શર્મ આપને ભારી. અ૦ ૪
કૃપા કરીને આપ પધારો, આશા પૂરણ કરશો અમારી. અરજ. ૫

ક્રિપાનિધાન, પરમદયાળુ, ભક્તવત્સલ આપ અમારાં કષ્ટ નીવારણ કરોછો! અને કરશોજ. એવી અમને ખાત્રી છે, વાસ્તે મારી અરજ સ્વીકારી તેનો સંહાર કરવા કૃપા કરી પધારશો.

રામ— બીહાગની ગજલ. (સુઝેકોન ધરસે)

કહો આપ પ્રીતે મુને રૂષિ રાજ, હકીકત શી બની છે મહારાજ. ટેક
અસૂરમાં શું એવું પરીબળ હોય, કરે ભ્રષ્ટ આસન તે શા કાજ. ક૦ ૧
રૂષિજી છો આપ સરવમાં પ્રવીણ, વળી છો સર્વ રૂષિ સીરતાજ. ૨
કારણ આપે કહ્યું નહીંરે જરાય, વદો આપ કોણે રાખીછે લાજ. ૩
ભાવિ ભાવ આપને નહીં શું ચુકી, પડી કેડે આપ છોડાવા લાજ. ક૦ ૪

માર્કંડ—ક્રીપા નિધાન! આપને અખીલ વિશ્વના સુખ દુઃખની ખબર એક પલકમાં જણાઈ આવેછે, એટલે આપનાથી કોઇ પણ વાત ગુપ્ત રહી નથી તેમજ રહેવાની પણ નથી. છતાં આપે

મુને પ્રશ્ન કર્યો જેથી મારા સઘળા શીષ્યો અને રૂષિઓ વિચારમાં સ્તબ્ધ બની ગયાછે. પણુ ખેર ! તે વાત કોરે રાખી સર્વ હકીકત નીવેદન કરૂંછું, તો તે ઉપર પુરતું લક્ષ આપશો એમ આશા છે.

ધર્મારણ્ય ક્ષેત્ર સમિપ વાયવ્ય કોણુમાં પૂરાતન કાળનું એક સ્થાનકછે, ત્યાં લોહાસુર નામનો એક રાક્ષસછે. મહારાજ, તે દુષ્ટ રાક્ષસે અમારાં આસન ભ્રષ્ટ કરી, હું વીગેરે સર્વ રૂષિઓને ભક્તિ ભંગ કરી અમને હસ્ત ગૃહી કાઢી મૂકયાછે. તે દુષ્ટ રાક્ષસે કેટલાક નીચ શબ્દો કહ્યા, ત્યારે મેં તેને કહ્યું કે દુષ્ટ, તારૂં મૃત્યું હવે નજદીક આવ્યુંછે.

મહારાજ ! મેં તેને કેટલીક રીતે સમજુત આપી, છતા પણુ તેણે બીલકુલ ન ગણુકાર્યું આખરે એમ કહ્યું કે, તમારાથી થાય તે કરજો, અને જેની તમે આશા રાખોછો, તે દેવ ભલે પોતાનું સૈન્ય લઇ અહીં આવે, હું કોઇની ધાસ્તી રાખનો નથી. કૃપાનિધાન ! એ અસુરના મુખથી એવાં ગર્વિષ્ટ વચનો નીકળતાં મુને અત્યંત ક્રોધ ઉત્પન્ન થયો હતો, પણુ આપની સહાયતાને લીધે તેમજ અમારા ધર્મમાં કેટલેક બાદ આવવાથી હું તેને કાંઇ પણુ કરી શકયો નથી, અને તેજ કારણુથી આપનો પૂર્ણુ ભરોસો ધારી હું મારા શીષ્ય સમેત હાજર થયોછું. વાસ્તે મારી સઘળી હકીકત નિગાહમાં લઇ આપ તે દુષ્ટ અસુરનો સહાર કરવા પધારશો એમ મુને સંપુર્ણું ખાત્રી છે.

રામ—રૂષિજી મહારાજ! પણુ શાસ્ત્રમાં કહ્યું છે કે—

श्लोक

कृते प्रतिकृतं कुर्या, ‌‌ह्विसन प्रति ह्विसनम् ॥
तत्र दोषोन पतंति, दुष्टे दुष्टं समाचरेत. १

વાસ્તે તેમાં કોઈ પ્રકારનો બાધ આવવા સરખું રહ્યું નથી, તો પછી ધર્મને શી રીતે બાધ લાગે તે કહેશો? કેમકે તમારે તેના પ્રતિ તેજ રીતીએ ચાલતું જોઈએ તેમાં શો બાધ છે?

માર્કંડ—પરમ દયાળુ! આપ ત્રિગુણ રહિત છો, એટલે વધારે કહેવું હું વાસ્તવિક ધારતો નથી, પણ શાસ્ત્રમાં વળી આમ પણ કહેલું છે કે=

श्लोक.

उत्पन्न पश्चात्तापस्य, बुद्धि भवतियादृशी. ॥
तादृशी यद्वि पर्वस्यात्कस्य नस्यान्महोदय. १

વાસ્તે હે કૃપાનિધાન! એકદમ સાહસ કર્મ કર્યાથી અમારી અપકીર્તિ થાય, અને પાછળથી પસ્તાવું પડે એમ સમજી, તેમજ! આપની સાહ્યતાના લીધે તે કૃત્ય મેં કર્યું નથી, વાસ્તે આપ અમારા ઉપર દયા કરી તે દુષ્ટનો સંહાર કરવા પધારશો.

રામ—બહુ સારૂં ૠષિ મહારાજ. (લક્ષ્મણ પ્રતિ) લઘુભ્રાતા! હું ૠષિજીની સાહ્યતા વાસ્તે જાઉંછું, વાસ્તે જે જે કામ બાકી છે, તે તૈયાર કરાવજો. હું તે દુષ્ટનો સંહાર કરી પાછો ત્વરાથી આંહી આવીશ.

લક્ષ્મણ—જ્યેષ્ટ ભ્રાતા, આપ ખુશીથી પધારો.

(રામચંદ્રજી ૠષિમંડળ સમેત વીદાય થાયછે.)

સ્થળ-લોહાસુરના આશ્રમનજદીક પારથેશ્વર.

લોહાસુર—(સ્તુતિ કરેછે.) **લાવણી.**

અસારે ધ્યાન શીવ હરિહર, આસનહે વાઘાંબરકા;
અગડબમ્મ ડીમાક ડિમાક ડિમ, બાજે ડમરૂ શંકરકા; ૧
ભિભૂતિ લગાવત શિવ સદા અંગ, હરત લીયા નિશદિન ઝોળા;
કૈલાસ બાસી જપું નિરંજન, જપું હર હર શંકર ભોળા. ૨
ખોપરીમેં ભોજન કરો નીત્ય, ગીરજા હે સો અર્ધંગા;
સુર નર મુનિવર ધ્યાન ધરે સૌ, જટા બિરાજીત હે ગંગા. ૩
ત્રિશૂળ કરમેં ધર શિવ દાતા, સર્વ સ્રષ્ટિકો અધિકારી;
નાગન કુંડળ શ્રવણ સોભતહે, કરે બૈલકી અસ્વારી. ૪
મન મેરા શિવ શિવ જપતહે, કરત કૃપા મમપર ભારી;
હર હર હર નમું શંકરા, મહેર કીજીએ ત્રીપુરારી. ૫

(ધ્યાન ધરેછે તેવામાં રામચંદ્રજી રૂષિઓ સહીત પ્રવેશ કરેછે)

રામ—અધર્મી લોહાસુર સાવધથા ! સાવધથા ! !

લોહા૦—કેમ અહીં આવ્યાછો, ચાલ્યા જાઓ.

રામ—અરે દુષ્ટ અભિમાની ! તું રૂષિ મહારાજને દુભી આવાં ગર્વીષ્ટ વચનો બોલેછે, યાદ રાખ ! તેનું ફળ શું પ્રાપ્ત થાયછે.

લોહા૦—તમે રૂષિની સાહાતા સારૂ આવ્યા તે હું જાણુંછું. પણ હમણાં સબુર કરો, હું શીવજીની શેવા કરી તમને જવાબ આપીશ!

રામ—(ક્રોધથી તેનો હસ્ત પકડી ઉભો કરી ધનુષ્યપર બાણચઢાવી)

(રાગ ક્ષત્રીકલંક કેમ લેશોરે.)

અરે દુષ્ટ દુરાચારી ચંડાળ—

કૃત્ય તેં પાપી આ શું કીધુંરે;
તુંજ મુખ જોઇ ચઢે મુને કાળ—
કૃત્ય તેં પાપી આ શું કીધું રે. ૧
ધીક્ક ધીક્ક છેરે પાપી ચંડાળ, કૃત્યતેં. ૨
હવે અહીં આવી ચઢયો તારો કાળ. કૃત્યતેં. ૩
દુષ્ટ મુખ તારૂં અહીંથી દુર બાળ. કૃત્યતેં. ૪
તુને દેખી પ્રગટેછે મુને જવાળ. કૃત્યતેં. ૫
ઝાઝા ઝુંડ સાથે ભીડી નીચ બાથ. કૃત્યતેં. ૬
દુષ્ટ પહોચાડીશ ક્યાં સુધી તું હાથ. કૃત્યતેં. ૭
કર્યો ભક્તિ ભંગ તેં શું રૂષિજન. કૃત્યતેં. ૮
ગાથ્યાભિમાની દીસેછે તુજ મન. કૃત્યતેં. ૯
અરે દુષ્ટ કર્યો નહીં તેં વિચાર. કૃત્યતેં. ૧૦
કર્યા રૂપી શ્રમ ભ્રષ્ટ છે ધીક્કાર. કૃત્યતેં. ૧૧

લોહાસુર—(સ્તબ્ધ બની સ્વગત) અહો ગુરૂજી મહારાજ! આવા પરાક્રમી રાજાની સાથે યુદ્ધ કરવા મારી હીંમત ચાલતી નથી. હે શંકરજી! હવે લાજ રાખો!

આશાગોડી.

લાજ રાખો ગુરૂ મારી, આ સમયેતો; લાજ રાખો ગુરૂ મારી. ટેક
ભૂપ દેખી નીસ્તેજ થયોછું, અરજ ક્યો આ સ્વીકારી. આ સમયેતો. ૧
આજ સુધી મેં ભક્તિ કરી છે, નેક વિવેકે તારી. આ સમયેતો.૨
પણ દીલમાં છે હીમત મુજને, આપ કૃપાએ ભારી.આસમયેતો. ૩

હર હર શીવજી હવે કરૂંછું, આજ્ઞા લઇ તઇયારી. આ સમયેતો. ૪
જય ગુરૂજી! જયગુરૂજી!! જયગુરૂજી!!! (ચાસન)

ગીતી.

આ ભૂતાળ વિશે, નથિ જાણ્યો મેં બળિષ્ટ કોઇ રાય;
તત્પર થૈ શું આવ્યા, બળિષ્ટ હોયતે મુજ આગળ થાય. ૧

રામ—અરે દુષ્ટ અભિમાની, કનિષ્ટ વચનો મેં સુણ્યાં તારા;
મૃત્યુ તારૂં થાશે, કટુ વચન સુણિ સ્થંભ્યાં રામ ગાત્રાં. ૨

(એમ કહી બાણ મારેછે, તેથી અસુર છેક્તાલ જઈ પાછો વળી આવેછે)

લોહાસુર—(હોકારો કરી) એકદમ આકાશ તરફ ઉછળી રામજી સાથ આવી અડેછે,)

બેત.

રે, આવોને રાજ આજ યુદ્ધ કરવા અહીં,
કામ મરી આવો એમ ગ ડરવાનો છું નહીં
(બોલ જોષ્ટીકા ઉપાડી ધમેછે)

રામ— રે, નિફટ ફટ ફટ દુષ્ટ લાખવારછે,
શું જાણેછે હીણ દુષ્ટ બાણ આ તૈયાર છે. ૨

(આ સાંભળતાં લોહાસુર એકદમ ધસી આવેછે ત્યારે રામચંદ્રજી તેના સીરપર બાણ મારેછે જેથી તેના શીરનું છેદન થઇ દુર પડેછે બાદ થોડીવારે પાછાં ભેગાં મળવાથી એકદમ ઉભો થઈ અત્યંત ગર્જના કરતો કરતો આવેછે.)

લોહા—(આગળ આવી) **બેત.**

દેખ્યા નહીં હજુ તમે પૃથ્વીમાં કોઇજ શૂર.
જાણુ રાજ આજ લઊં પ્રાણ તારો હું જરૂર. ૧

રામ— રે કુકર્મી દુષ્ટ તુંજ દેહનું રૂધીર અહીં,
ચલવું બાણુ પૂર જીવનો હું જાવા દઊં નહીં. ૨

(લોહાસુર ફરી ગર્જના કરી આકાશ તરફ ઉછળી એકદમ ગદા ઉઠાવી રામ તરફ પડતું નાખે છે ત્યારે રામચંદ્રજી તેની છાતીમાં બાણ મારેછે. આ બાણ વાગવાથી તેની છાતીના બે વિભાગ થઈ ગાફે દુર પડેછે, તે પણ થોડીવારમા ભેળા મળી જઇ પાછો આગળ આવી)

લોહાસુર— (અત્યંત ક્રોધથી) બેત.
મુજ ગુરૂને માત તાત ભ્રાત એ સુપાત્ર છે,
જ્યાં સુધી કોપા છે ત્યાં સુધી તું કોણ માત્ર છે. ૧

રામ—મિથ્યાભિમાની અજ્ઞાની તુંજ સમ સુપાત્ર સર્વ,
ફુગ ખોટી ફાંકું તારૂં શીદ રાખે મન ગર્વ. ૨

(લોહાસુર ગુરૂનું અપમાન થવાથી એકદમ વિક્રાળ રૂપ ધરી દાંત પીસી ગર્જના કરતો આગળ ધસેછે ત્યારે રામ તેને રીસ કરી ત્રણ બાણ મારેછે જેથી તેના હસ્ત પગ અને સીરનું છેદન થાયછે. તે પણ થોડીકવારમાં ભેળાં થવાથી)

લોહા૦—(ફરી ગર્જના કરી આગળ ધસેછે) બેત
રે, ન ધારો રાજ આજ જાનથી જવા દઊં,
રમુંછું હાલ દાવ બાદ જેષ્ટિકાથી પ્રાણ લઊં. ૧

રામ—હંજુ દિલ રાખી, ગર્વ શબ્દ વદે દુષ્ટ જોઇ,
ચમત્કાર કરે એક તારો પાડુ જાણુ દેહ. ૨

સોહાગ—નવખાર દિલ વાત એકે બનવા નથી,

તું આવી સાથ મારી લડે કોણ આશથી. ૩

રામ—(અગ્નીબાણ ચડાવી અત્યંત ક્રોધમાં)

મદોન્મતિ ધાર દુષ્ટ રૂષિને દુભાવનાર,

દેવ ગુરૂ માતને તું કરને છેલા જુહાર. ૪

(એમ કહી ખરા જોરશથી બાણ મારેછે, ત્યારે ભયંકર અવાજ થઈ અસુરના દેહના ચુરે ચુરા થઈ જાયછે ને પણ થોડીવારે ભેગા થઇ સાવત્ર થાયછે ત્યારે) (સ્વગત) અરે આ અતિ આશ્ચર્યની વાત છે, કે મારા હરને આ દુષ્ટનું મૃત્યુ થાતું નથી. અરે ! મારૂં બાણ તેત્રીસ ક્રોડ અક્ષોહીણી સૈન્યાને એક પલકમાં ઉડાવી નાંખે છતાં આ દુષ્ટ ઉપર મેં આટલાં શસ્ત્ર ચલાવ્યાં છતાં તેનું મરણ નહીં થાતાં પાછો સજીવન થઇ આવેછે વાસ્તે સમાધી કરી જોવું જોઇએ (એમ કહી સમાધી કરી જોતાં શીવજીએ વરદાન આપ્યાનું જાણ્યાથે અસુર ઉપર અંબ પીછોડો નાંખી અંતરપટે શીવજીને બોલાવેછે તે વખત)

ધનાશ્રી.

ત્રીપુરારી મહારાજ, પધારો, ત્રીપુરારી મહારાજ. ટેક.

વ્યગ્ર ચીત્તે સ્થંભ્યા રૂષિજન, અસૂર યુદ્ધથી આજ. પધારો૦ ૧

શરણ તારણ શીવ રૂષિજી ઠારો, રાખશો તેમની લાજ. પધારો૦ ૨

અસુરને વરદાન શું આપ્યું, ભ્રષ્ટ કરવા રૂષિ રાજ. પધારો૦ ૩

શેં કામે શીવ આપ રોકાયા, જલ્દી પધારો આજ. પધારો૦ ૪

દેર ન કરશો શીવજી ભોળા, નવ કરો રૂષિ તાજ. પધારો૦ ૫

શીવજી—(નમસ્કાર કરતા પ્રવેશ કરેછે) મહારાજ આપે

બહુ કીપા કરી, આપના દર્શનની ઘણા દીવસથી રાહ જોતો હતો. આપે મુને અને આ ક્ષેત્રને પાવન કર્યું.

કહો મહારાજ આપે મુને કેમ યાદ કર્યો છે?

રામ—શંકરજી આપે લોહાસુરને વર આપ્યો છે. તે આવા દુષ્ટ રાક્ષસોને આપવો વાસ્તવિક નથી, કારણકે અસુર લોકોમાં ગર્વ વિશેષ રહેલો હોય છે. મહારાજ જૂઓ! આ લોહાસુરે તુરત અગ્નિમાં પાય ધર્યો. અને આપના વચનથી તેના દેહનું છેદન નહીં થઇ શકતાં પાછો સજીવન થઈ આવેછે, જેથી રૂષિમંડળ અત્યંત બિપત્તિમાં ગમગીન થઇ ગયેલ છે. વાસ્તે હવે તેનું મૃત્યુ શી રીતે થાશે, તે વિચાર કરી આપે સંભળાવવું જોઇએ.

શીવજી—રામચંદ્રજી આપનું કહેવું વાસ્તવિક છે. મેં તેના કર્મથી નહીં પણ ભક્તિથી વર આપેલોછે, તેપર મારૂં લક્ષ ખેંચાણું ન્હોતું, એને મારવા મારા ધ્યાનમાં એમ આવે છે કે, તેના શરિરના બે વિભાગ થઈ જાય તેના વચમાં મારી આકૃતી કરી ઉપર મારા નામની આણ દેશો કે તુરત તેની દેહના વિભાગ અટકી રહેશે. મહારાજ! મારા અભિપ્રાયમાં એમ આવેછે.

રામ—ખરૂં છે શંકરજી! તેમ કરવું વાસ્તવિક છે, હવે આપ પધારો.

શીવજી—મહારાજ, ત્યારે હું રજા લઊંછું (નમસ્કાર કરી જાયછે.)

રામ—(અસુરપરથી અંધ પીછોડો ખેંચી લઇ ધનુષ્ય પર બાણ ચહડાવેછે) દુષ્ટ લોહાસુર! કેમ સ્તબ્ધ બની ગયોછે? સત્વર તૈયાર થા!

લોહાસુર— (સત્વર નજર કરી) એન.

શું વિચારો રાજ આજ હવે ધીર નહીં ધરૂં,
આવો મુજ સન્મુખે વિચાર પુર્ણ હું કરૂં. ૧

રામ— દુષ્ટ લોહાસુર, યાદ રાખ, કે આ યુદ્ધમાં તું સાર પામવાનો નથી.

રે કુકર્મી દુષ્ટ લોહાસૂર જે આદત પડી,
મારૂં બાણુ લઉં પ્રાણ જાણજે તું આ ઘડી. ૨
કરી ન કાંઈ વિચાર અનાચારમાં ધરયો જઈ,
ધિક્ક, ધિક્ક, ધિક્ક, દુષ્ટ બુદ્ધિ તો તારી ગઈ. ૩
શો તું લેશ લ્હાવ દુષ્ટ કાર્ય આ કર્યા થકી,
જેથી મારૂં બાણુ લઈ પ્રાણ જાણજે નકી. ૪

(એમ કહી તેને બાણુ મારતાં તેના શરીરના બે વીભાગ થઈ જાયછે બાદ શીવજીના કહેવા પ્રમાણે વચ્ચો વચ્ચ શીવજીની આકૃતિ[1] કરી, ઉપર શીવજીની આણ દઈ દુર જાયછે ત્યારે લોહાસુરના બે વિભાગ ગર્જન કરતા આવેછે, અને આકૃતી આગળ આવી અડે છે. તે ભેગા નહીં થવાથી (પ્રકાશ રૂષિઓ પ્રતિ)

ગીતી.

ફિકર તજીને આવો, હવે ન કરશો વિચાર દિલ માંહે;
અસુર દેહની પ્રીતે, પંચ તિર્થિ હું પ્રગટ કરૂં આંહે. ૧
આ વીષે શું ધારો, હોય ખુશી તો કરૂં હું તે કામ;
આવો મારી પાસે પંચતિર્થિનાં પ્રસિદ્ધ કરૂં ધામ. ૨

---

૧ આ ઠેકાણે રામજીએ મહાદેવની આકૃતી કરી તે સ્વયંભુ લાલ કુંડ અંદર કુવામાં છે......લોહાસુર પડયો.

માર્કંડ—ઇચ્છા આપની જેમ, ખુશી મારી છે તેમ રામ રાજ;
કીપા કરીને આપે, રાખી દિન તણી લાજ મહારાજ. ૩
કહો રાઘવજી આપ, કોણુ કરત તન દઇ આવું કાજ;
પંચતિર્થિનાં પ્રીતે, પ્રગટ કરત કોણુ ધામ મહારાજ. ૪

ભક્ત વત્સલ આપના અભિપ્રાયને હું મળતો છું.

રામ— પીલુ. કહું શું નસીબે. એ રાગ.

સુણો રૂષિજી નામ ધરાવું, અવયવ નાંખીને પ્રસિદ્ધ કરાવું. સુણો૦
ઉત્તર[1] માર્ગનિ પૂર્વ દિશાએ,
સિર નાંખુ તે સિતા[2] સરી જણાવું. સુણો૦ ૧
આ ક્ષેત્રના નૈરૂત્ય કોણે,
જીભ નાંખુ તે જીભ્હા લ્હોર ઠરાવું, સુણો૦ ૨
ઈશાન કોણે હસ્તો નાંખી,
ત્યાં શિવાલય સત્વર બનાવું. સુણો૦ ૩
પુર્વ દિશાએ નાભિ નાંખું,
પાંચ કાંકરીઓ ટીંબો કરાવું. સુણો૦ ૪
સ્થૂળ તેનું આ સ્થળમાં રાખું,
તે લોહેશ્વર ક્ષેત્ર બનાવું. સુણો૦ ૫
આ પંચતિર્થિ[3] જગત ને જણાવા,
આપ કિપા કરશો હે મયાળુ. સુણો૦ ૬

---

૧ સમીના મારગ જાતાં. ૨ સીતા તલાવડી. ૩ આ પંચતિર્થિનું મુંજપુર મહાલના કુકરાણા વીગેરે ગામોના લોકો વ્રત કરે જાય છે.

રૂષિજી ! હવે આપ ખુશીથી આશ્રમ કરો. હવે હું જાઉંછું, ખુશી હોય ત્યારે યાદ કરજો તો તેજ વખત હું આવીશ !

માર્કંડ—પરમ દયાળુ ! આપે મારા ઉપર કૃપા કરી સર્વ વિઘ્ન દુર કર્યુંછે ? પરંતુ !

ગીતી.

અસુર વિષે રાઘવજી, આપ વિચારો પ્રથમ દીલ માંહે;
મુજને એમજ લાગે, પ્રગટ કરિ નિજ દેહ આવે આંહયે. ૧
જેથી વિનવું પ્રીતે, મુજ પાસે આપ રહો થોડિવાર;
ભ્રાંતિ દિલની ભાગો, દીલમાં આશ મુનેછે આ ઠાર. ૨
રામ-ઈચ્છા જેમ તમારી, મુજ દિલ જાણી બેશુ રૂષિરાજ;
માર્કંડ-પૂર્ણ ભરોંસો મુજને, રાખી છે ને રાખે જશો લાજ. ૩

(થોડીવારે પંચતિર્થિ કરવા નાંખેલ લોહાસૂરના અવયવો ત્યાં શીવજીની આંણુ નહીં હોવાથી પાછાં ભેગાં થઇ અસૂર સજીવન થઈ આવેછે)

લોહા-(રામ પ્રતિ) ગીતી

મુજ ગુરૂ વિણુ આ જગમાં, નથી દેખતો સૂરવિર જન કોય;
ગુરૂ પદ શું લજવાયે, આપ હસ્તે શું મૃત્યુ મમ હોય. ૧

સોરઠની ગજલ.

નથી મૃત્યુ થયું મારૂં, એમાં શું કર્યું તમે રામરે. ટેક
મુજ ગુરૂ આ દેહ ઘડયો, તેમની આજ્ઞાથી હું અહીં પડયો
જાણો મુજ દેહ વજ્રે જડયો, થાય નહીં કદી મને આમરે. નથી. ૧
મુજ દેહના કકડા કરી, આપે પંચ તિર્થિ પ્રીતે ધરી;

તેમાં નહી દિલગીર હું જરી, કીધું રૂડું આપે તે કામરે. નથી. ૨
ગુરૂજીએ સીખ દીધી અતિ, પણ ફરિ ગઈ મારી મતી;
હવે તમથી યુદ્ધ કરવું નથી તેમ નથી યુધની હામરે. નથી. ૩
વળિ આપ દિસો કોડામણા, તવ પરાક્રમે ન રહી મણા;
સૃષ્ટિ વિષે ભૂપ જોયા ઘણા, નહીં આપ સરીખુ કામરે. નથી ૪

રામ— ગીતી.

હુંને તુંજ ગુરૂમાં, નથી જૂદાઈ સુણ અસૂર આજ;
બીજા ભાવ નહીં રાખ, એકજ મય હું ને શીવ મહારાજ. ૧

લોહા—(સ્વગત) આ કોઇ માણુસ નથી પણ સાક્ષાત ભગવાન છે, (પ્રકાશ) આપ કહોછો તે ખરૂં હશે, કેમકે આપનું પરિબળ જોતાં પણ મહા ચમત્કારીછો!

(શંકર પ્રવેશ કરેછે)

રામ—શીવજી પધારો! (રામજી પાસે જઈ બેસેછે)

શીવજી— ગીતી.

નવ ગણ તું જૂદાઇ, અમો અનેમાં અસૂર આ વાર;
એકજ મય હમ છીયે, નવ ભીન્નતા દીલ રાખો લગાર. ૧

લોહા—(સાષ્ટાંગ કરી) ગુરૂજી આપ કહોછો તે ખરૂંછે પણ રામચંદ્રજી આપ સહવર્તમાન રૂપ ધારણ કરે, અને આપ રામચંદ્ર સહવર્તમાનરૂપ ધારણ કરો? ત્યારે હું એકજ રૂપ જોણું.

શીવજી—ભક્ત લોહાસૂર! રામચંદ્રજી મહારાજ અખીલ વિશ્વના સરજન હારછે. (એમ કહી રામ લક્ષમણ, સીતાજી, તથા હનુમાનજીનું રૂપ ધારણ કરી બતાવેછે.)

લોહાસુર—ગુરૂજી મહારાજ! આપ નીરંજન નીરાકારછોજા

રામ—(શીવજી સહ પાર્વતી, નંદી, ભંગી, વિગેરે રૂપ ધારણ કરી બતાવ્યા બાદ) લોહાસુર! તારી શુદ્ધ ભક્તિથી હું પ્રસન્ન થયોછું વાસ્તે જે જોઈએ તે માગ!

લોહાસુર—(ચકીત થઈ ઉદાસ થાયછે.)

ખમાચી પંજાબી ઠેકો. દરશન બીના. **એ રાગ.**

કૃતઘ્ની હુંજ થયો ભારી, બળિકાય આ દુખીઆથી. કૃતઘ્ની
દુષ્ટ ખરેખર આજ થયોછું, ક્રિપા કરો પ્રભૂ દીલ ધારી. કૃતઘ્ની. ૧
ધિક્ક ધિક્ક કે, જો રામ આવારે, મુજગતી સૌ ગઇ મારી. કૃતઘ્ની. ૨
ધિક્ક પડયો અવતાર આ મારો, કીધું કામમેં અપકારી. કૃતઘ્ની. ૩
પિતા તુલ્યછો રામજી આપ, ક્ષમા કરો આ દીન ધારી. કૃતઘ્ની. ૪
આપ પદે આ જેષ્ટિકા રાખું, પ્રાણ લેશો હું ક્રુર ધારી. કૃતઘ્ની. ૫
દેહ ન ધરૂ આરે ભૂમિપર, કાષ્ટ કરૂં ભક્ષણ કારી. કૃતઘ્ની. ૬

પરમ દયાળુ! આ અપરાધીનો નાશ કરવો જોઇએ, આ મારો થયેલ અપરાધ મુને પૂર્ણ દુખદાઇ થઇ પડયોછે કેમકે મારે જીવવું વ્યર્થછે, હે પૃથ્વીમાતા! તમારે મુને માર્ગ દેવો જોઇએ. હે પરમ દયાળુ! હવે હું શું કરૂં? (એમ બોલતાં બોલતાં મુર્છાંગત થાય છે. બાદ થોડીવારે સુદ્ધિમાં આવ્યાથી રામચંદ્રજીના ચરણમાં જેષ્ટિકા મૂકી રૂદન કરેછે)

લલીત વૃત.

સકળ વિશ્વનાછો પ્રભૂ તમે, અરર! કાય આ મુંજને દમે;
હરખ મુંજને આજછે ઘણો, જરૂર જેષ્ટિકાથી મુને હણો. ૧
અતિ ઉદાસછું હુંજ ચુકથી, કથન કાય આરે પડી વધી;

મુજ અભાગ્ય જો કાંઈ ના ગણો, જરૂર જેષ્ટિકાથી મુને હણો. ૨
અરરા આ સમે ધીર શી ધરૂં, મન વિચારછે ઘાતથી મરૂં;
પણ અપારં એ દોષ જો ગણો, જરૂર જેષ્ટિકાથી મુને હણો. ૩

ગીતી.

હર્ષ ધરીને વિનતી, ચર્ણાર્વીંદમાં અર્પણ કરી આજ;
આશાછે દિલમારે, મોક્ષ પામું તમ હસ્તે મ્હારાજ. ૧

ક્રિપાનિધાન ! ભક્તવત્સલ ! આ આખરની અરજ એટલી છે કે ! આપ હસ્તે મારૂં મૃત્યુ થાય તો મારી દેહ મોક્ષ ગતિને પામે. પરમ દયાળુ ! આ ભૂમિમાં મેં મન માણ્યું સુખ ભોગવ્યું છે, એટલે કોઇવાતની દીલગીરી રહેવા સરખું છે નહીં, વાસ્તે મારી ઉમેદ પાર પાડશો, સચ્ચીદાનંદ ! હું મારાં પૂર્ણ ભાગ્ય માનુંછું, કે મારાં સર્વ વીઘ્ન આપનાં દર્શન થવાથી નાશ પામ્યાં. રૂષિમંડળ પ્રતિમારી થયેલ ગેરવ્યાજબી હાનીની પણ આપે રહેમ રાખી. વળી આપના સામે કેટલાક બદ શુકનો કહ્યા, તે ઉપર પણ બીલકુલ નજર નહીં રાખી. તો મુને પૂર્ણ ખાત્રી છે કે, મોક્ષ ગતિને પ્રાપ્ત થવા મારી અરજ છે, તે પાર પાડશોજ ! ! !

રામ—શાબાશ છે ! લોહાસૂર શાબાશ ! !

ગીરધારીરે વાત કહુંછું વિચારો. એ રાગ.

મેં તારીરે ભક્તિ સાચી જાણી; પણ દીસે નહીં કળાણી;
ધર ધીરજરે, આજ અસૂર સેલાણી, કહું પૂર્વ તણી હું કહાણી.
(ઝુલણ)તારો બ્રહ્મ કુળ અવતારરે, ત્યાં કર્યો તેં એમ વિચારરે;
હવે થાઊં અસૂર આવારરે, તો પ્રેમેરે, ભક્તિ કરી થઊં જ્ઞાની. કં૦૧

સોહા— પ્રભૂ મારારે, પુરવ પુન્યથી આજ, થયા દર્શન રાખી લાજ;

(શંકરને) વળી આપેરે, મ્હેર કરી શીરતાજ, થયા પ્રસન શ્રી મહારાજ.

(રામપ્રતિઝુલ) કરો આશા પૂરણુ મારીરે, મુને ખાત્રીછેરામ તમારીરે

હું કીંકર અનાચારીરે, તો મારીરે, અરજ સ્વીકારો આજ થયા૦ ૨

રામ—કહું પ્રીતેરે, માગ્ય મુખે આવાર, હવે ગણુતો ન ભ્રાંન્તીલગાર;

હું પ્રસંનરે, તુંજ પરે આવાર, કહે મુખ થકી નિરધાર.

(ઝુલ)કરૂં પૂર્ણ હું આશ તમારીરે, જાણી ભકિત શ્રેષ્ટજ કારીરે;

નવી દીસેતું અનાચારીરે, મેં ધારીરે, તુંજ ભકિત શ્રીકાર. હવે૦ ૩

સોહા—પ્રતિપાલનરે. અકળકળા અધીશા, કહું વિનવીને જુગદીશ!;

પ્રભુ પ્રીતેરે, પાપ મારાને કાપો, મુને અભય વરઅહીં આપો.

ઝુલ—કરો નૈરૂત્ય કોણે વાસરે, સ્થાપી નામ રૂડું અવીનાશરે;

થાય સંતત શ્રાધ તે પાસરે, તે આસ્તાએ,પ્રસીદ્ધ કરો અધીશા.ક૦ ૪

રામ—છે, અસ્તુરે, તુંજ કારણુ આવારે, પિતૃજનેતા શ્રાધ આઠારે;

લે આસ્તારે, સંતતિ કારણુ કોય, મનવાંછીત સત્વર હોય.

ઝુલ—વધે મહિમા નિશદીન ભારેરે, સૌ કષ્ટ આ સ્થળ નીવારેરે;

બીજું માગો મુખે આ હારરે, નત્ર બાકીરે, રાખો હવે આઠારે પિ૦ ૫

સોહા—પ્રભુ મારારે, શું બદલો હું વાળું, આપવિણુ ન નજરે ભાળું;

શીવજી—નત્ર દીલમાંરે; ખેદ કરેજ લગારે, શું વાત એ દીલમાંધારે

સોહા—(ઝુલ) પ્રભૂ સંકટ મારાં કાપ્યાંરે, મનવાંછિત ફળ સૌ આપ્યાંરે;

મુજ મર્મ વચન દિલ સ્થાપ્યાંરે, ગુરૂ મારારે, પ્રજળેછેમનમારૂં. ૬

શીવજી—દુર કરનેરે, સંશયછે દીલ તારે, બીજું માગ્ય મુખે આઠારે;

સોહા—ગુરૂ મારારે, ભિમેદછે દિલમાંહે, મુજ નામ અમરરે, આંહે;

શીવજી-(ઝુલ) તારૂં નામ અમર રહે એથીરે સ્થાપું શીવલોહેશ્વરતેથીરે
તારૂં નામલોહાસુર જેથીરે,ચિત ચાહીરે,ખામી ન રાખલગારે. બી૦૭
ભૂત પ્રેતજરે, વ્યાધી સર્વે જાય, તુંજ નામે વધે મહિમાય;
લે, આસ્તારે, શીવ તણી અહીં કોઈ, દુઃખ દૂર કરે તુર જોઇ.
(ઝુલ)વાયવ્યથી સરસ્વતિ આવેરે, ઈશાનથી ગંગા કહાવેરે;
બંને નદિનાં ભરપૂર આવેરે આક્ષેત્રજરે, જ્યાહે પ્રસિદ્ધજ થાય તું.૮
લોહા-ગુરૂ મારીરે, કિર્તી અધિક વધારી, મુને સમજાવીને સારી;
શીવજી-ભક્તા ધિનરે, આજ થયોછું તુજને, કહે ખુશી થઇને મુજને.
લોહા-(ઝુલ)આપે કિપા કરીને મારીરે, તેમ ક્ષેત્રની કિર્તિ વધારીરે;
કરી સ્થાતિ એષ્ટજ કારીરે, પ્રભૂ મારીરે, અલ્પ રજસ્વીકારી. મુને.૯
(રામને)સુખ દાતારે, મેહેર કરીને ભારી, મારી અલ્પઅરજ સ્વીકારી;
પ્રભૂ પ્રીતેરે, અરજ હતી જે મારી, કરી પૂર્ણ દયા દિલ ધારી.
(ઝુલ)આપે કારજ ભારે કીધુંરે, મુને વચન પ્રીતે દીધુંરે;
મારી ઇચ્છા પ્રમાણે કીધુંરે, નવ લીધુંરે, નામ તમે મુરારી મારી.૧૦
નવ નિદ્ધીરે, નામ મુને જણાવો, મુને બહુ લેવરાવ્યો લ્હાવો;
રામ-કાંઇ માગોરે, મુખથી બીજું આપું, નામ "ગયા ગદાધર" સ્થાપું;
(ઝુલ)તુંજ વિચાર દિલ સૌ ફળશેરે, વળી જે જોઇએ તે મળશેરે;
મૃત્યુ લોક સ્મરણ સૌ કરશેરે, તુજ કિર્તિ એ સર્વ તણાં દુઃખ કાપુ.વ. ૧૧
લોહા-પ્રભૂ પ્રીતેરે રહેમ નજર કરીછે, મેં કૈવલ્યની આદરી છે;
મમ વાતોરે, સર્વે દીલ ધરીછે, તો, આપ ભરોંસો હરીછે.
(ઝુલ)-પામું કૈવલ્ય પ્રિતે આંહીરે, એવી આશ છે મમ દીલ માંહીરે;
તે પૂરણ કરશો આંહીરે, મમ વૃત્તીરે, એવી થઇ ખરી છે. મેં કૈવ.૧૨

રામ— ગીતી.

પ્રથમ શીવજી પાસે, રજા લઇને આવ મુજ પાસે;
ચિત્ત વૃત્તિછે તારી, તે સરવે સંપૂર્ણ અહીં થાશે. ૧

લોહા—(શીવજીને) ગુરૂજી મહારાજ ! આપે મારા ઉપર અત્યંત પ્રીત લાવી, મેં જે આપની પાસે માગ્યું તે માન્ય કરી અધીક આભારી કર્યોછે. ગુરૂજી ! મારા દીન અસૂરથી બદલો પણ વળી શકવા નથી છતાં આપે પુર્ણ રહેમ દ્રષ્ટિથી મારી સર્વ અરજનો સ્વીકાર કર્યો ! તેવીજ રીતે હાલ જે મારા દીલમાં ઉમેદ રહીછે, તે પુરી કરવા આપ પ્રીતથી રજા આપશો ! એવી સંપૂર્ણ ખાત્રીછે.

શીવજી—ભક્ત લોહાસુર ! તારી મન કામના સીદ્ધ થશે ! એજ આશિરવાદછે.

લોહાસૂર—(રામચંદ્ર પ્રતી નમ્રતા સાથે)

દાદરો. નાગનકે બચ્ચે નાગ. એ રાગ.

રે, કિ્રપાળુ રામચંદ્ર કિ્રપા બહુકરિ,
કિ્રપા બહુ કરીરે આપે કિ્રપા બહુ કરી. રે.
દિન જાણી દયા આણી મ્હેર જે કરી,
આજ્ઞા સીર ચડાવું પ્રેમે વંદીને હરી. રે. ૧
કિ્રપાનાથ કિ્રર્તી જામે અખિલ વિશ્વમાં,
હર્ષે અર્પ્યું આપે મુને આ ભવિષ્યમાં. રે. ૨
પ્રણમીને છેલ્લી વિનતી કરૂ મ્હારાજ,
મોક્ષ ગતિ પ્રાપ્ત કરો રાખી મારી લાજ. રે. ૩

રામ—લોહાસુર, આ ક્ષેત્રમાં ભૂત, પિશાચ, આદી પુત્રી,

પુર્વજ વીગેરેનું હરણ કરવા ફરતા જોગેશ્વર રાખવામાં આવેછે. અને સંતતી વીગેરે કારણો સારૂ, મહાદેવજીની આસ્તા રાખેથી ફળિભૂત થશે ! અને નૈરૂત્ય કોણમાં ગયા ગદાધર સ્થાપ્યાછે, ત્યાં માતુપીતૃનું તથા બન્ધુ શ્રાધ થશે ! જેથી કરી તમારૂં અને આ ક્ષેત્રનું દીન દીન પ્રત્યે પરાક્રમ વધી મૃત્યુ લોકમાં શીવજીની આસ્તા રાખવાનો રીવાજ પણ વધશે, એટલું મારૂં વચનછે. (બાદ તેના સીરપર હસ્ત મેલેછે, એટલે લોહાસૂરની દેહના વિભાગ પ્રથમ પંચતિર્થિ રચેલ સ્થળે જઇ પડેછે." બાદ રામચંદ્રજી તથા શીવજી વિદાય થઇ અંતરધ્યાન થાયછે.)

ઇતિ શ્રી પ્રથમ્ અંક સમાપ્ત.

અંક ૨ જો.

સ્થળ પરૂં.

મુંજરાજા—પ્રધાન ! આપણે અહીં આવે ઘણો અરસો થઇ ગયોછે, વાસ્તે હવે રાજ્યાભિષેક કરાવવો જોઇએ? તેમજ આ પરાનું નામ પણ સ્થાપવું જોઇએ તે બાબત હવે સત્વર તાકીદ થવી જોઇએ.

બુદ્ધિસાગર—મહારાજ ! જેવો આપનો હુકમ ! !

મુંજ૦—પ્રધાન ! વસ્તી વિષે શી યોજના કરીછે ?

બુદ્ધિ૦— લાવણી. જોડી તેં નવ જોઇ માડી. એ રાગ.

પ્રજા આ પૂરમાં છેજ ઘણી, (૨)
નેક ન્યાયી છો આપ રૈયતના સીર સમર્થ્ય ધણી. ૧
વણિક વિપ્રનો અધિક વાસો, (૨)

દીલમાં ધારેલ આપે સઘળી પૂર્ણ થઇ આશી. ૨
વસ્યાંછે ફરતાં બહુ ગામ. (૨)
આવે કીર્તી સુણીને સૌકો આપ તણું નામ. ૩
અધિક પુરમાં પંડિત વસિઆ, (૨)
પ્રેમ પ્રજાનો આંપ પરેછે આપ રૈયત રશીયા. ૪
પૂર બહુ આ રમ્યજ લાગે, (૨)
અસત્ય અનાચારી દુષ્ટ જન તે સૌ દુર ભાગે. ૫
સુખ માણે રૈયત ભારી, (૨)
અમર ચાહે રાજ્ય આપનું નેક ન્યાયી ધારી. ૬
હૂકમ સીર આપ રૈયત લેછે, (૨)
નિતિ આપનિ જોઇ પંડીતો આશિશ દીલ દેછે. ૭

મુંજ૦— ગીતો.

સરસ્વ હકિકત મુજને, કહી સંભળાવિ સચિવ તમે પ્રીતે;
આ સ્થળ રમ્યજ લાગે, વેદજ્ઞાન થાય અહીં પંડિતે. ૧

બુદ્ધિ૦—હુકમ મુજબમેં આંહે, કરાવ્યો પંડિત વાસ મુંજરાજ;
શી આજ્ઞાછે મુજને, ફરમાવો પ્રીતેથી ભૂપ આજ. ૨

મુંજ૦—(સૈન્યાગતિપ્રતિ સૈન્યસમીપેકિર્ત્તિ, પ્રસરી કેવી સૈન્યપતીમારા;
મુજ પાસે આવીને, કહો સૈન્યના વર્તમાન સારા. ૩

ગુણસેન—પૂર્ણ કિર્તી પ્રસારી, આપ પ્રતાપે સૈન્ય સમીપ આજ;
ભડ ભીંજન સુખકારી, કહ્યું પ્રેમે પ્રણમિને મુંજ રાજ. ૪

મુંજરાજા— **ચીજુ. કહુંશું નશીબે. એ રાગ.**

સર્વદા સૈન્ય સમેત પધારી, સવિતા ઉદય કરો અસ્વારી. સર્વદા.

સાંગ ધરાવો સર્વના હસ્તે, સર્વથા રાખે સહુ હુશીઆરી. સર્વદા. ૧
પ્યાદલ પ્રેટ પ્રીતે શીખાવી, અણુગાર એક ધરો સુખકારી. સર્વદા. ૨
અભ્યંગત અરિષ્ટ હોયજો કો, તેને તજવા દીલવિચારી. સર્વદા. ૩
આરભ સંધિ અવાચક જાણો, પ્રેટ અધ્યાપન કરો વિચારી. સર્વદા. ૪
સ્નેહ સંપ તજે જન કોઈ, ખેદી લોક તજો દીલધારી. સર્વદા. ૫
દુખ વખનકો સૈન્ય ન પામે, પક્ષ એકે ન થાવું વિચારી. સર્વદા. ૬

પંડિતો—(પ્રવેશ કરી) ત્રોટક છંદ.

અહમુંજ પ્રતાપિ પધારિ અહીં, અતિ આ ભુમિ પાવન સર્વ થઈ.
દિરઘાયુશ આપ સદાય રહે, દ્વિજ આશિસ પંડિત દે રૂદિયે. ૧
સતકર્મ સદા સુનિતીજ ધરો, હરનીશ પ્રજાપર પ્રેમ કરો;
નિતિ રાજ્ય તણી વળિ યાદ કરો, નિશ દીન પ્રજા પ્રતિ ધર્મ ધરો. ૨
પ્રતિ પાલન ભૂપ પ્રજાનું કરો, તમને નિતિ ન્યાય સદાય વરો;
નૃપ રાજ તમારૂં અખંડિતરે, દ્વિજ એટલિ આશિષ પંડિત દે. ૩

મુંજરા—પ્રધાન!! આજે ફરવા જવાનો વખત થયોછે, વાસ્તે પંડીતોને સમજ આપો કે મોડા અહીં આવે?

બુદ્ધિ—જેવી આજ્ઞા. (પંડિતો પ્રતિ) સુજ્ઞ વિદ્વાનો! આજે રાજ્યાભીષેક કરવાનો છે, વાસ્તે સ્વારી ફરી અહીં આવે તે વખત હાજર થવા નામદારનું ફરમાન છે?

પંડીતો—બહુ સારૂં. ત્યારે હાલ અમને રજા છે?

બુદ્ધિ—હા, ખુશીથી પધારો. (પંડીતો જાયછે.)

મુંજ—પ્રધાન!! આજ પૂર્વ દિશા તરફ જાવું છે, કેમકે તે દિશા જોવી બાકીછે.

બુદ્ધિ—જેવો હુકમ, મહારાજ. (બાદ સ્વારી ચઢી જાયછે.)

સ્થળ એક તલાવડી.

મુંજ—(તલાવમાં શીવજીનું બાણુ નજરે પડવાથી.)

નાથ કૈસે ગજકો—એ રાગ.

શીવજી આંહી બીરાજે, અહાહા શ્રી શીવજી આંહી બિરાજે. ટેક.
વિચાર મારો એમ છે સ્વામી, ચાલો મમપુર માંહે;
શોભા વધારો આપ પધારી, હર્ષ છે દિલમાં આજે. અહાહા. ૧
અનંત દેશ ફર્યો આ ભૂમીપર, બાણુ ન જોયું આવું;
પૂરણ ભાગ્ય હું આજ માણુંછું, દર્શ દીધાં જગ રાજે. આહાહા. ૨
આજ્ઞા હોયજો આપ તણીતો, પધરાવું મુજપુર માંહ;
પ્રતિષ્ઠા કરૂં હું પૂરણ ભાવે, આશા પૂરો પ્રભુ આજે. આહાહા. ૩

પ્રધાન! આ તલાવડીનું નામ આજથી "મુંજેડા તલાવ" પાડવામાં આવેછે. હવે શીવજીનું બાણુ મ્યાનામાં રખાવી આપણા સ્થાનકે જઇ ધામધુમથી પ્રતિષ્ઠા કરાવી આજજ રાજ્યાભિષેક કરાવવો જોઈએ.

બુદ્ધિ—બહું સારૂં મહારાજા. (એમ કહી બાણુ મ્યાનામાં રખાવી સર્વ જાયછે)

સ્થળ પઈ.

મુંજ—પ્રધાન! હવે પંડીતોને બોલાવી સત્વર તાકીદથી શીવજીની પ્રતિષ્ઠા કરાવવી જોઈએ? અને રાજ્યાભીષેક પણ કરાવવો જોઇએ.

પંડીતો—(પ્રવેશ કરી) મહારાજ! હવે શી આજ્ઞાછે?

મુંજ—પ્રથમ મહાદેવજીની પ્રતિષ્ઠા કરવાનીછે, વાસ્તે વિધિસહ મંત્રોચ્ચાર કરી પૂર્ણ થયા પછી રાજ્યાભિષેક કરાવવોછે.

પંડીતો—બહુ સારૂ મહારાજ (એમ કહી કુંડ કરી હોમ હવન કરી રહ્યા બાદ શીવજીની[૧] પ્રતિષ્ઠા કરેછે બાદ) મહારાજ! આજનો દીવસ અત્યુતમછે.

દોહરો.

ધન્ય ઘડીછે આજની, ધન્ય દીન સુખકાર;
પૂણ્યાત્મા અતિ પ્રેમથી, સુખ માણો સંસાર. ૧
સંવત્સર સુભ છે વળી, બસો પરે અઢાર;
માઘ કૃશ્ન પક્ષ પંચમી, મળતો મંગળવાર. ૨
"મુંજપુર" મુજરાયનું, ધરિયું આજે નામ;
નિશદિન સુખમાં નિર્ગમો, કર્યુંજ પાવન ધામ. ૩
પૂર્વ પ્રતિષ્ઠા પ્રીતથી, કરી મુંજેશ્વર ઈશ;
મહિમા અતી વધારશે, "મુંજેશ્વર" જુગદીશ. ૪

સંવત બસો અઢારના માહ શુદી પાંચમ મંગળવારે પ્રખ્યાત મહારાજા મુંજરાજે "મુજપુર" સ્થાપિત કર્યું. તથા "મુંનેશ્વર" મહાદેવની પ્રતિષ્ઠા કરી. મહારાજા! આપનું રાજ્ય અમર રહો! આપના ગુણ પ્રમાણે સર્વોપયોગી ધામો પ્રસિદ્ધ કરોછો, તેથી ધન્યછે. આશી

આપ અહર્નીશ સુખી રહો.

મુંજ—(દક્ષીણા આપી વીદાય કરેછે) પ્રધાન! શેહેરમાંથી

---

૧ મુંજપરમાં બ્રહ્મ પોળમાં આ મહાદેવજીછે. તે બાણ ઘંટીની માફક ભમેછે.

સારી જોઇ સૌ ભેંશો મંગાવો. અને તેની કીંમત ઠરાવી મુને જાહેર કરજો.

બુદ્ધિ—જેવી આજ્ઞા (બાદ માણુસ મોકલી રબારીને ભેંશો સહીત બોલાવેછે ત્યારે તે હાજર થાયછે. બાદ (પ્રકાસ) મહારાજા રબારી હાજરછે.

મુંજ૦—પ્રધાન ! વ્યાજબી કીંમત કરી સો ભેંસો રાખો અને દરરોજ ચરાવા લઇ જવાનો તેનાથી બંદોબસ્ત કરો.

બુદ્ધિ૦—જેવી આજ્ઞા. (રબારી પ્રતિ) આ ભેંશોની વ્યાજબી કીમત શી થાય છે ?

રબારી—પૃથ્વીનાથ ! દરેકના સો સો રૂપીયા લાગે છે. આપની ખુશી હોય તો રાખો અને મહારાજા સાહેબના હુકમ પ્રમાણે દરરોજ ચરાવવા લઇ જઇશ.

બુદ્ધિ૦—(કોડીલી ભેંસને જોઇ,) પેલી ભેંશના સરીરે કાંઇ રોગછે.

રબારી—ના સરકાર, અને તે કોડ થયેલા છે. પણ સર્વથી તે સારી છે.

બુદ્ધિ૦—બહુ સારૂં (એમ કહી તેને રૂપીઆ ગણી આપે છે બાદ રબારી તે સોએ ભેંશોને નૈરૂત્ય કોણ તરફ ચરાવા લઇ જાય છે. ભેંશો ચરેછે અને રબારી સુઇ જાયછે. સાયંકાળ થવાથી તે ઊઠેછે. અને એક પાણીના ખાબોચીયામાં પડેલી ભેંશોને બહાર કાઢેછે. બાદ ગણતાં સો ભેંશો પૂરી થઇ રહેછે, પણ કોડીલી ભેંશ નજરે નહીં પડવાથી વીચાર કરે છે કે, આ પાણીમાં કાંઇ પરાક્રમ રહેલું છે એમ વિમાસતાં રાજ્ય મેહેલે આવેછે.)

રબારી—મહારાજ! આજ હું ભેંશો ચરાવવા ગયો, ત્યાં કોઢીલી ભેંશ પાણીમાં પડી તે તલાવડી ચમત્કારી લાગે છે. જુઓ! આ ભેંશના કોઢ તમામ જાતા રહ્યા. મહારાજ! મેં જાણ્યું કે, એ ભેંશ જતી રહી પણ ગણતરી કરતાં તમામ મળી રહીછે. તે આપને જાહેર થવા અરજ કરૂંછું.

મુંજ૦—પ્રધાન! આપણે તપાસ કરવા જવું જોઇએ. આ રબારીના કહેવા પ્રમાણે હકીકત હશે તો કોઢીલી ઘોડીને સાથે લઈ અજમાયશ કરીએ.

(એમ કહી સ્વારી કરી જાયછે)

સ્થળ તલાવડી.

મુંજ૦—પ્રધાન! ત્યારે હું તપાસ તો કરૂ, (એમ કહી પોતે ઘોડી ઉપરથી ઉતરી અંદર હાંકેછે, બાદ પોતાને પણ કોઢ હોવાથી અંદર ન્હાઇ બહાર નીકળેછે તો સુદ્ધ સરીર થઇ જાયછે. બાદ) પ્રધાન! આ ભૂમિ ચમત્કારી છે એમાં શંષય નથી. વળી આ જમીન અત્યંત ભયંકર છે, એટલે અવશ્ય કરી અહીં કોઇ ઉત્તમ સ્થાનક હોવું જોઇએ. અને આ તલાવનું નામ "તાર તલાવ[1]" સ્થાપુંછું તો હવેથી તેનું નામ પ્રખ્યાત કરવા રૈયતને ખબર આપવી.

બુદ્ધિ—જેમ પૃથ્વી નાથની આજ્ઞા (બાદ સર્વે વિદાય થાયછે અને કેટલાંક વર્શ મુંજરાજા રાજ ભોગવી તે મરણ પામેછે.)

દ્વિતીય અંક સંપૂર્ણ.

---

૧ જેને હાલ તેલ તલાવડી કહે છે.

અંક ૩ જો.

સ્થળ કર્મશીનું ઘર.

કર્મશી—પ્રીયા! આપણા ઘરની દિન પ્રતિદીન પડતીજ ચાલી જાયછે. આ અફસોસમાં મુદલ ચેન પડતું નથી.

લાખી—પ્રાણનાથ શું કરવું. ઇશ્વર પ્રત્યે કોઇનો ઇલાજ નથી. (બાદ ઇશ્વરની પ્રાર્થના કરેછે.)

મુને મુકીને ગયોછે મારો છેલડો જો. એ ઢબ.

અરે શીવ ધરી જન્મ સંસારમાંરે, કર્મ વિટંબનાછે પૂર્વની આ વાર;
હે દાતાર, ધણી થઇ કરોને દૂર વિપત્તીરે, હવે ધણી થઇ. હવે. ૧
એક દીન જાણી સુખ અમે બેઠાં નહીંરે, બાળ માંણરા કરેછે બહુ પુકાર;
હે દાતાર. ધણી થઇ કરોને દૂર વિપત્તીરે. હવે. ૨
સુણી કર્મ કથા મારી સૌ દુખી થતાંરે, પૂર્વ પાપને નિવારો જાણી બાળ;
હે દાતાર ધણી થઇ કરોને દૂર વિપત્તીરે. હવે. ૩
બાળ દેખી મુંને ભૂખ ભૂખ ભાખતાંરે, હુતાસન સમ લાગે ઘરબાર;
હે દાતાર. ધણી થઇ કરોને દૂર વિપત્તીરે. હવે. ૪
સ્વામી માણરા આ શોકમાં ડુબી ગયારે, નવ દેખી અન ઉઠે દીલ જવાળ;
હે દાતાર. ધણી થઇ કરોને દૂર વિપત્તીરે. હવે. ૫

ગજલ.

(જફાવો સીતંકું. એ રાગ.)

હરિ સત્યના છો સંઘાતી, હરિ દિલમાં રહું મુઝાતી. ૧
હરિ શા માટ દુખ પામું, હરિ જુઓ રંકના સામું. ૨
હરિ આહથી ગજ મુકાવ્યો, હરિ દિનપર શો રોષ આવ્યો. ૩

હરિ હું નથી દુખની ધીરા, હરિ છો વિપત્ત સમે વીરા. ૪
હરિ હું શેવા નહીં ચુકી, હરિ શું વિપત્તી મૂકી. ૫
હરિ દોહીલાં ઉદર ભરવું, હરિ તેથી ઘટે મરવું. ૬
હરિ દુખ કાપો આ લાવી દયા, હરિ હાલ જોઇ કરોને મયા. ૭
હરિ મુજ કષ્ટ સહુ કાપો, હરિ આ અર્જ દીલ સ્થાપો ૮

હે પરમાત્મા! અમે તમારો આવડો શો અપરાધ કર્યો છે.

(એકદમ આંખમાંથી આંસુની ધારા ચાલતી દેખતાં.)

કર્મશી— **ગજલ.**

દીસે દીલગીર આંખ આંસુથી ભરી,
થાશે શું! કરેથી આમ દીલ દુખીકરી. દી૦ ૧
થઇ વિમુખ દુ:ખ દેછે ઇશ થઇ અરી,
હાયરે! અપાર દુખ સુખ નહીં જરી. દી૦ ૨
રે, નાં થા ઉદાસ આશ જાણીને હરી,
શું વિચારી આમ થાયે પ્યારી બાવરી. દી૦ ૩

લાખી— શું કરૂં હવે ન સુઝે ચિત્ત વૃત્તી ફરી.............
કર્મશી— શીવ સાલ્ર કરશે પ્યારી જીવ્યા લ્યો હરી. દી૦ ૪

ગીતી.

અનંત પૂર્વે પાપો, કર્યા થકી આ વિપતિમાં આવ્યાં;
લાખી—પૂર્વ જન્મ વીચારી, શા માટે સુખ દુખ સ્વામી ગાવાં. ૧
મનુષ્ય જાતિને પ્રાણિ, શિવ સુખ સિર દે અંતરયામી,
કર્મશી—સત્ય સર્વ છે પ્યારી, અકળ લિલા બતલાવે છે સ્વામી. ૨

(વ્યાસ પ્રવેશ કરેછે તે પ્રતિ) પ્રીય બધું નમસ્કાર

વ્યાસ—નમસ્કાર ! પરમ સ્નેહી નમસ્કાર !! પ્રીય બંધુ, હું આજે દીલ્લીએ જાઊછું.

કર્મશી—અરે પ્રીય સ્નેહી ! હું મારા ઘરનો હેવાલ જોઇ નીરંતર અફસોસમાં ગમગીન થયેલો હોઊંછું, તો પણ આપનાં દર્શન થવાથી તે સર્વ દુર થાયછે. તો હવે મારાથી દીવસ શી રીતે વ્યતિત થશે. તે કાંઈ સુઝતું નથી.

વ્યાસ—મીત્ર ! મારે ગયા શીવાય ચાલે તેમ નથી, વાસ્તે આપને ચીંતા કરવી નહીં, કેમકે હું થોડા રોજમાં પાછો આવીશ.

કર્મશી—ભલે બંધુ ! આપનો પૂર્ણ વિચારછે, તો પધારો. (એમ કહી બને ઉઠેછે. કર્મશી ગાયો ચરાવવા જાયછે, અને વ્યાસ દીલ્લી તરફ જાયછે.)

સ્થળ દીલ્લીદરબાર.

ઔરંગજેબ—મંત્રી ! અપને શેહેરમેં વાદી ઓર ગોડીયેં ઓ સબ બરખાસન ખાતેં હેં, મગર મેને હજુ તલક ઇન લોકુંકા કુચ્છ ખ્યાલ દેખા નહીં હે સો મેરે દીલમેં ઐસા બીચાર હેકે, ઉસ્કુ બુલવાકે તમાસા દેખના ચહીયે. જીસ્કુ ખ્યાલ યાદ હે, ઉસ્કું બરખાશેન દેના ઓર જીસ્કું યાદ નહીં હોયગા, ઉસ્કી પાસસે બરખાસનકે કરાર લે લેના, ઓર બરખાસનભી મોકુફ કરના. સો સબ લોકુંકું બુલવાઓ.

મંત્રી—જૈસા હુકમ જહાંપનાહ ! લેકીન આપને કૈસા ખ્યાલ દેખનેકી ઉમેદ હે, સો કહેના ચાહીયે. (લોકોને બોલાવવા માણસો મોકલેછે)

ઔરંગ—મંત્રી ! દુધકા ઘૃત બનાકે દીખ્લાવે, ઐસી ઉમેદ હે.

મંત્રી—જહાંપનાંહ ! ઐસાતો કોઇજ હોવગા. (સર્વ લોકો પ્રવેશ કરેછે.)

ઔરંગ—તમાસગીરો ! તુમ બરખાસન ખાતે હો, લેકીન મેરી પાસ તુમને કોઇ દીન ખ્યાલ કર નહીં દીખાયા, સો કહતા હુંકે, તુમ દુધ પીકે ઉસ્કા દહીં બનાઓ, ઓર પીછા દહીં પી ઉસ્કી તક્ર બનાઓ, ઓર તક્ર પીકે મશકા બનાઓ, ઓર મશકા પીકે ઉસ્કા ઘૃત બનાઓ. જીસ્કું એ ખ્યાલ યાદ હોયગા, ઉસ્કું બરખાસન દનેમેં આયગા, નહીંતો સબકે પાससे લેલેનેમે આયગા. (આ સાંભળી સર્વ સ્તબ્ધ બની જાયછે)

ગુણકા—ખાવંદશ્રી ! આગ્યા મીલની ચહીયે ?

ઔરંગ—ગુણુ સુંદરી ! એ તેરેસેં નહીં હોયગા. મગર તેરી ઉમેદ હે, સો દીખા.

ગુણકા—(દુધપી ઉપર પ્રમાણે માંખણુ કરી બતાવેછે. પણુ માંખણુ પી પાછું ઘી નહીં નીકળ્યું જેથી સ્વગત) અરે ! બાદશાહ શાબકી કચેરીમેં મેરી લાજ જાયગી, અબ મેં ક્યા કરૂં !

ઔરંગ—ગુણુસુંદરિ ! શાબાસ હે ! પૂરા ખ્યાલ તો નહીં કીયા, મગર તેરે બાસ્તે બિચાર લેનેમેં આયગા ? કુછ ફીકર મત કર.

વ્યાસ—(પ્રવેશ કરી.) **છપ્પો.**

મહા પ્રતાપી રાય, દીલ્લી પતી મેં જાણ્યા;
બડ ભાગ્ય મહા ભૂપ, ગુણુ નહીં જાય વખાણ્યા.
રહો અવીચળ રાજ, અનુપમ નામ તમારૂં;

ગુણિજન કરે વખાણ, અધિક ગુણ તેજ નિહાળું.
ધણી ખમા દિલ્લીપતી, આશિષ દિલથી દઊં બહુ;
સહુ કુટુંબ પરિવાર તમ, નિશદીન સુખ પામો સહુ. ૧
પ્રજા સમસ્તે પ્યાર, આપનો છે અતિ સારો;
અરજ કરૂંછું આજ, રાજ પ્રેમે સ્વીકારો
મુદત મુજ બહેરાજ, આપની હજુર થયોછું;
નહીં કરિ પળ વિશ્રામ, હજૂર આવિ હું રહ્યો છું.
આપ ક્રિપાએ રાયજી, નિશદીન ખુશી હું રહું;
અવિચળ ઔરંગઝેબજી, એ આશિષ દિલથી દઊં. ૨

ઔરંગ—આઈયે! વ્યાસજી બેઠીયે. સુનો જો લોકો બરખાસન ખાતેથે ઉસકું કુછભી ખ્યાલ યાદ નહીં થા, સો બરખાસન આજ દીનસે મોકુફ કીયા હે. ઔર આપભી બરખાસન ખાતે હો. (ઉપરની હકીકતથી સમજ પાડી.) સો આપકું યાદ હોવે સો દીખલાઓ નીંતો આપકું ભી આજ દીનસે મોકુફ હે.

વ્યાસ— છપ્પો.

હુકમ હોય રાજેંદ્ર, દૂધ પી દધી બનાવું;
હુકમ હોય રાજેંદ્ર, દધી પી તક્ર દિખાવું.
હુકમ હોય રાજેંદ્ર, તક્ર પી મશક, બનાવું;
હુકમ હોય રાજેંદ્ર, મશક, પી ઘૃત દિખાવું.
હુકમ દીયોહે રાયજી, આપ કૃપાએ કરૂં સહુ.

ઔરંગ—મેરી રજા હે વ્યાસજી!

વ્યાસ— શર કહુંછું ભૂપતી, દિલમાં આનંદછે બહુ. ૧

(બાદ ઉપર પ્રમાણે કરી ઘી કાઢી બતાવેછે.)

ઔરંગ— વ્યાસજી ! આપકું જે ચહીયેં સો માગો.

વ્યાસ—ખુદાવીંદ ! આપે મુને ઘણુંએ આપ્યું છે, આપે જાઓછો; અને આપશો. પણ આ વખતે તો એવું આપવું જોઇએ કે મારી ફરી સુકન નાંખવા જરૂર રહે નહીં.

ઔરંગ—અછા વ્યાસજી મંત્રી ! વ્યાસજીકું વહીઆરકા પરવાના લીખદો ઔર લીખો કે ઉસકી ઉપજ નીપજ સબ આપેજ રખની. ઔર રાજ્યકું સગાલના.

મંત્રી—જાહાપનાંહ જૈસા હુકમ. (લખી આપેછે)

ઔરંગ—વ્યાસજી ! સબ વહિઆર આપકું બક્ષિસ દેતાહું, ઔર એ પરવાના દેતા હું. ઔર કહતા હું કે, રાજ્યકા બંદોબસ્ત અચ્છી તરેહસે રખના.

વ્યાસ—બહુ સારૂં પૃથ્વીનાથ ! આપનું રાજ્ય અવિચળ હોજો.

ઔરંગ— મંત્રી ! આજ દીનસે સબકે સીર જજીયાવેરાકા હુકમ ફીરવાઇયે અબ મેં જાતા હું. (જાયછે.)

(ત્યારબાદ સર્વ ઉઠેછે.)

સ્થળ વન (ગૌચર.)

કર્મશી— (એકલો) **બનઝારો.**

પ્રભૂ દુર્બળતસ્થા મારી, તુને નથી દયા શું ! મુરારી. ટેક.
નહીં ખાવા ઘરમાં અન્ન, નહીં દાન દેવાને ધંનરે;
કર્યાં પૂર્વે શું પ્રાપજ મારી, તુને નથી દયા શું મુરારી. ૧
નથી તજ્યો ધર્મ કે નિતિ, નથી તજી તુ પરથી પ્રીતીરે;

મેરે બાળ રડેછે પુકારી, તુંને નથી દયા શું મુરારી. ૨
ભૂખ ભૂખ તે મૂખથી ભાખે, નવ મળે નિશાશા નાંખેરે;
રડે દીલ દેખીને પ્યારી, તુંને નથી દયા શું મુરારી. ૩
જાણીં બાળ કદી જોવાને, મુને દેખી પડે રોવાનેરે;
લાગે લાય આ સ્થીતિ ભાળી, તુંને નથી દયા શું મુરારી. ૪
આથી વેચી ખાધું ઘર આખું, પ્રભુ શું ! શું ! ! દુ:ખ હું ભાખુંરે;
ભયભિત અવસ્થા મારી, તુંને નથી દયા શું મુરારી. ૫
મીત્ર વિયોગે મન ગભરાણું, નહીં વાત કે'વા ઠેકાણુંરે;
બળી કાય આ કષ્ટજ કારી, તુંને નથી દયા શું મુરારી. ૬
ગયો વૃથા આ જન્મજ મારો, પ્રભુ હવે મારો કે ઉગારોરે;
હવે નજર કરોને વિચારી, તુંને નથી દયા શું મુરારી. ૭
કરો કિપા હવે કિરતાર, સીર નામુ હું વારંવારરે;
લેહી વિનતી લ્યો સ્વીકારી, તુંને નથી દયા શું મુરારી. ૮

(એમ ઉદાસીમાં સ્તબ્ધ બની એક ટેકરા ઉપર માથુ નાંખી નીંદ્રાદેવીને વશ થાયછે. બાદ તેના સીરપર મણીધર આવી ડોલી રહેછે, બાદ માનો ને ડુંગર પ્રવેશ કરેછે.)

ડુંગર—અરે માના ! બિચારા કર્મશીને સર્પ ડસ્યો કે શું ?

માનો—હા ભાઇ, મુને પણ એમજ લાગેછે. પણ ચાલો જોઇએ તો ખરા (એમ કહી આગળ જાયછે. એટલે સર્પ નાશી જાયછે, ત્યારે કર્મશીનો હસ્ત અહી પ્રકાશ) કર્મશી ! કર્મશી ! !

કર્મશી—(એકદમ જાગૃત થઇ) કેમ છે ડુંગરભાઇ.

ડુંગર— રાગ મારૂની દેશી.

પૂર્વ પુન્ય થકી બચ્યોછે ભ્રાતા, કર્મશી આ વારેરે;
તારી ન્હોતી કો કાળે આશ અમોને, સજીવન થાવારે. ૧

કર્મશી--એતે ! શું રે કહોછો ભ્રાતો મારા, કહોને પાસે આવીરે;
બનો બાવરા બંધું શાને આજે, વાત કહો સમજાવીરે. ૨

ડુંગર—સીરે છત્ર થઇને સર્પતું પરે, આવી બેઠો ભાઇરે,
અમને લાગી અંતર ઝાળ ભ્રાતા, વિમાસ્યા દીલ માંહીરે. ૩
કીધું પરમાત્માએ સારૂં તુનો, ધાયો મારી પાસરે;
અમે મૂકી હતી નકકી તારી, આ વેળાએ આશરે. ૪
બન્યા બાવરા ભાઇ તુને દેખી, સ્થીતિ જોઇ તારીરે;
કરી મેહેર પ્રભુએ આજે જાણી, દશા કષ્ટજ કારીરે. ૫

કર્મશી—દેછે દુઃખ પ્રભુ અપાર હે ભ્રાતા, શું ! શું !! કહું આવારેરે
ગાઈ દશા મારી સૂતો હુંતો, ઘેર્યો નીંદ્રે તારેરે. ૬

ભાઈ ! પરમેશ્વરે આટલું દુઃખ દીધું તે ભેગું આ વધારે ! પણ શું કરવું, તેમાં કોઈનો ઈલાજ ચાલી શકતો નથી. (બાદ સર્વે જાયછે.)

સ્થળ કર્મશીનું ઘર.

લાખી—(એકલી) રાગ. માઢ.

દઇને દુઃખ પારા વારરે, મારી હરી લીધી હામ;
રાખી શકતી નહીં આવારરે, મારી હરી લીધી હામ. ટેક
શ્યા જગતમાં જન્મજ દીધો, હે જગપાળ દયાળ;

સંકટ સરવે શીર નાંખીને, નવ લીધી સંભાળરે. મારી હરી. ૧
કીંકરી પર પ્રભૂ પ્રીત કરીને, કષ્ટજ કરશો દૂર;
સ્વામી મારા હારી બેઠા, ચીંતા જોઈ ભરપૂરરે, મારી હારી. ૨
બાળ બિચારાં માલુરાંને, ફરતા કરે પૂકાર;
આ લાજ લાગેછે ઉરમાંરે, સાહ્ય કરો મુરારરે. મારી હરી. ૩
નવ બોલાવ્યાં બાળ મુખેથી, જન્મ ધરી સંસાર;
સ્વામી મારા દુઃખના માર્યા, નવ રહે આ હારરે. મારી હરી. ૪
(અત્યંત રડેછે)

કર્મશી—(પ્રવેશ કરી)પ્યારી! તું આમ નીરંતર અફસોસ કરીશ, તેથી તારૂં મૃત્યુ થાશે. વાસ્તે હવે જરા હીંમત રાખી આજ મારા દુઃખની વાત સાંભળ! હે, પરમેશ્વર! (નિસાસા મેર આંખમાં ઝરઝરીયાં ભરાઇ આવેછે.)

લાખી--સ્વામીનાથ! એવું તે શું દુખછે કે આપનો ચેહેરો વાત કરતાં ફીકો પડી જાય છે?

કર્મશી— ગીતી.

મણિધર મુજપર આવી, છત્ર શિર ધરી બેઠો જેવારે;
નાંદ્રાએ પણ મુજને, આવી ઘેર્યા અનંત તેવારે. ૧

લાખી—પ્રાણનાથ! આપના શીરપર મણીધરે છત્ર કર્યું, તો સોક વ્યાખ્યા પ્રમાણે ઘરની સ્થીતી સુધરે ખરી!!

કર્મશી—પ્રીયા! જે ભગવાને ધારી હશે તે થાશે.

વ્યાસ—(પ્રવેશ કરી) મીત્ર! ખુશી તો ખરા?

કર્મશી—સ્નેહ સાગર, આપનાં દર્શન થવાથી સદા ખુશીજ છે.

વ્યાસ— ચીતી.

હર્ષિત થઇને મુજને, લેખ કરી આપ્યો દીલ્લી રાજે;
નિશ્ચય દીલ કરીને, લાવ્યોછું હું આપ પ્રીત કાજે. ૧
રાજ્ય રીતિને જાણી, રાજ્ય નિભાવી શકો સ્નેહી જ્યારે;
તો લેખ ફરિ કરાવું, હીંમત રાખિ કહોને આ વારે. ૨

કર્મશી—પરમસ્નેહી! મારા નશીબમાં લખ્યું હોય તો મારી સ્થાતિ આવી હોયજ? તે આપે વિચારવું જોઇએ.

વ્યાસ—ના મીત્ર આપનું સમજવું ભૂલ ભરેલું છે. પણ ખરે! હવે એ વાત કોરે રાખી, રાજ્ય સંભાળવાની હીંમત રાખતા હોતો આવશો?

કર્મશી—ભલે પરમસ્નેહી, તૈયારછું. (બંને વિદાય થાયછે.)

ઇતિશ્રી તૃતીય અંક સમાપ્ત.

અંક ૪ થો.

સ્થળ દીલ્લી દરબાર.

ઔરંગ—મંત્રી! જજીયા વેરાકા બંદોબસ્ત કીયા?

મંત્રી—હાં, જહાંપનાંહ. (કર્મશી અને વ્યાસ પ્રવેશ કરેછે)

ઔરંગ—વ્યાસજી! ક્યું પીછે આયે. ઔર વો તુમ્હારી સંગમે સો કૌન હે?

વ્યાસ—રાજેંદ્ર! આ મારો નાનો ભાઈછે, તે બાબત અરજ કરવા આવ્યોછું.

ઔરંગ—ક્યાહે વ્યાસજી?

વ્યાસ— પીલુ. કહું શું નશિબે. એ રાગ

દીલ્લી તખ્ત પતિ અર્જ મારી, પ્રેમ ધરીને લેશો સ્વીકારી. દીલ્લી.
ત્રાંબા પત્રીએ લેખ કરીને, અર્પ્યાં આપે ગામજ ભારી. દીલ્લી. ૧
હું સદા રહું આપ સેવામાં, કોણ સાચવે ગાદી અમારી. દીલ્લી. ૨
મારે ફરવું દેશ વિદેશે, રાજ્ય લુટે કો, સુન્યજ ભાળી. દીલ્લી. ૩
વાસ્તે લેખ આ ફેરવી આપો, મુજ બંધુ થાશે રાજ્યકારી. દીલ્લી. ૪
પ્રવિણ પૂર્ણછે રાજ્ય નીતિમાં, કરશે રાજ્ય સદા સુખકારી. દીલ્લી. ૫

ઔરંગ—અછા વ્યાસજી ! ઉસકા નામ કયાહે ?

કર્મશા—ખુદાવીંદ ! મારૂં નામ " કર્મશી " છે.

ઔરંગ—બૈઠો વ્યાસજી ! તુમેરી એજ ઉમેદ હે ?

વ્યાસ—હા, ખુદાવીંદ.

ઔરંગ—મંત્રી ! જહાં વ્યાસજી લીખે હે વાં કર્મશીકા નામ લીખદો, ઓર લીખીઓ કે દરસાલ હજાર હજાર રૂપે ખંડણી કે ભેજવાવે.

મંત્રી—જેસા હુકમ. (લખી બાદશાહને આપેછે.)

ઔરંગ—કર્મશી ! એ લેખ વ્યાસજીકી ઉમેદ હાંસીલ કરને ફીરા દીયાહે, ઓર તુમેરા નામ લીખાહે. સુનો ! દરવરસે હજાર રૂપે ખંડણી કે ભેજણે ઓર હર્ગીશ મુસલમાની ધર્મમેં બખેડા કરના, ઔર પ્રજાકા રક્ષણ કરના.

કર્મશી—પૃથ્વીનાથ ! આપના હુકમને અનુસરી વર્ત્તવાનો છું.

વ્યાસ—(ઔરંગજેબને શાબાશી સાથે આશીર્વાદ આપેછે.)

ગઝલ.

વિજય વિજય વિજય, સદા પામજો વિજય;
નેક ન્યાયી ભૂપ દાતા પામજો વિજય. ૧
પૂત્ર પરીવાર પ્રજા સર્વને ગણ્યા.
હણ્યાં સહુ વિઘ્ન નૃપ જામજો વિજય. ૨
સ્વતંત્ર કર્યાછે રાજ પૂરૂં પુન્યે જેહ;
વિદારી પ્રજાની કષ્ટિ પામજો વિજય. ૩
કુટુંબ સર્વ આપનો તે અવિચળ રહે;
સ્નેહે દેખી સુખ સંધુ પામજો વિજય. ૪

ઔરંગ—તમકુ, ઓર કર્મશીકું રજા હે!
વ્યાસ તથા કર્મશી—રાજેંદ્ર આ દીનજનો સરખું કામકાજ!
ઔરંગ— કર્મશી, રાજ્યકા કામ બારીકીસેં કરના.
કર્મશી—બહુ સારૂં, પૃથ્વીનાથ. (સર્વે જાયછે.)

ઇતિશ્રી ચતુર્થમ અંક સમાપ્ત.

અંક ૫ મો.

સ્થળ કર્મશીનું ઘર. ચંદુરમાં

કર્મશી—(પોતે ગાદી ઉપર બેઠાની હકીકત આખા વડીઆરમાં પ્રસીદ્ધ કરાવેછે.) પ્રાણ પ્યારી! પરમેશ્વરે આપણાં સર્વ વિઘ્નને દુર કરી, એકદમ આ સ્થીતિને પ્રાપ્ત કર્યાં તો હવે દરરોજ ઇશ્વર ભક્તિમાં પૂર્ણ વખત ગુમાવવો, એવી મારી ઉપેક્ષાછે.

લાખી—ખરૂંજ છે, પ્રાણનાથ! તેમની ભક્તિથી કાંઇ વિપ-

રીત થનાર નથી (એમ વાતો કરતાં કરતાં નીંદ્રાદેવીને વશ્ય થાયછે. આરે કર્મશોને શીવજી સ્વપ્નમાં આવી પ્રાચિનકાળે જે રામચંદ્રજીએ તેમજ શંકરજીએ પ્રસીદ્ધ કરેલાં ચમત્કારી સ્થાનકોની શોધ કરી તેને દુરસ્ત કરાવવા આજ્ઞા આપેછે. એટલે કર્મશી તે આજ્ઞા સીર ચઢાવી શાષ્ટાંગ પ્રણામ કરેછે, એમ કરતાં પ્રભાત થાયછે)

વ્યાસ—(પ્રવેશ કરી) **श्लोक.**

रंकं रोती राजानं, राजानरकंमेव च

निधनं निर्धनंचैव, निर्धनं धनिनं तथा ॥ १ ॥

કર્મશી—ખરૂંજ છે, પરમ સ્નેહી! ઈશ્વરની ગતી ન્યારીછે, એટલે તેનો કોઇ પાર પામી શકતો નથી, તેમજ પામી શકવાનો પણ નથી. સ્નેહ સાગર!

લાવણી. (જોડી તમે નવ જોઈ માઠી. એ રાગ.

સ્વપ્નમાં શીવજીએ આવી (૨)
પૂર્વે બનેલી બીના સવિસ્તર મુજને સંભળાવી. ૧
મુંજપુર પાસે ધામ મારૂં, (૨)
વાવ્ય કોણમાં વાસજ મારો, શોધ થશે સારૂં. ૨
દેવસ્થાનો ત્યાં સુધરાવો, (૨)
પંચતિર્થી જે રામ રચેલી જઇને બનાવરાવો. ૩
કીર્તિ પુંજ જગમાં બહુ થાસે. (૨)
પ્રસિદ્ધ કર જઇ ધામ આકારાં દુઃખ સૌ દૂર થાસે ૪
આધિક રીતી ધરમારણ્યમાં, (૨)

સ્થાનક સઘળાં તુંને બતાવું પ્રવેશ કરી ઉરમાં. ૪

વ્યાસ—થયા પ્રસન્ન શંકર ભારી. (૨)

આસ્તા રાખીને આપજ શોધો સ્થાનક દીલ ધારી. ૬

પંચ તિર્થછે ગુપ્ત પ્યારા, (૨)

ગુણ જગતમાં આપના ગાશે શોધો મીત્ર મારા. ૭

(એમ કહી લોહેશ્વર ક્ષેત્ર તરફ જાયછે)

સ્થળ લોહેશ્વર ક્ષેત્ર.

કર્મશી—પરમ સ્નેહી ! તપાસ કરતાં આ સ્થાનક મહાદેવજીનું હોવું જોઇએ.

વ્યાસ—હા, પરમ સ્નેહ સાગર.

કર્મશી—પરમ સ્નેહી ! આ શીવજીનું બાણ રહ્યું. જુઓ તેમણેજ દર્શન દીધાં.

વ્યાસ—પ્રીય બંધુ ! આપ ખરા પ્યારથી અહીં પધાર્યા છો. તે કાંઇ તેમના જાણવામાં નથી ?

કર્મશી—ના પ્રીય ભ્રાતા, તેમનાથી કાંઇ અજાણ નથી.

(સ્તુતિ કરેછે)

આશાગોડી.

આશા પુરણ કરો મારી, આ સમયે તો; આશા પુરણ કરો મારી.
ધામ કરાવું આપના કાજે, મહેર કરો ત્રીપુરારી આ સમયે. ૧
પ્રગટ કરો પંચતિર્થ દેવાધી, હું દીનહું આ વિચારી. આ સમયે. ૨
સ્થાનક પંચ રહ્યું આપ પાસે, પ્રાચિન વખત વિચારી. આ સમયે. ૩
કીલ્લો બંધાવું પાણુ સમુહે, હિન વાણી હ્મો સ્વીકારી. આ સમયે. ૪

મુંજ અંતરમાં હીમત આપો, પ્રેમ ધરી ત્રીપુરારી. આ સમયે.૫

(બાદ કારીગરો વીગેરેને સમજુત આપી. એક પથ્થરનો કીલ્લો અને પાંચ દેહેરાં તૈયાર કરવાનું કહી સરૂ થયે શીવજીને શાષ્ટાંગ કરી વિદાય થાયછે બાદ થોડેક માસે સર્વ કામ તૈયાર થવા આવ્યું ત્યારે લોહેશ્વરનું થુળ નાખેલ ઠેકાણે પણ શીવજીનું બાણુ હોવાથી કુંડ તૈયાર કરવાનું પણ કહેવરાવતાં સાથે તે બાણને વચ્ચો વચ્ચ કુવામાં રાખવાનું કહેવરાવેછે બાદ થોડાક માસે તે પણ તૈયાર ગઈ જાય છે.)

ઇતિ શ્રી પંચમ અંક સમાપ્ત.

અંક ૬ ઠો.

સ્થળ દીલ્લી દરબાર.

ઔરંગ—મંત્રી ! તુમને જજીયા વેરા વસુલ કીયા ?

મંત્રી—હાં જહાંપનાહ.

ઔરંગ—અબ કોઈ રાજ્યકી પેશકશી ઔર લાગત કુછ બાકીતો નહીં ?

મંત્રી—જહાંપનાહ ? સબ રાજાને ભેજીહે, મગર કર્મશી ભેજી નહીં હે.

ઔરંગ—ક્યા, કર્મશીને હજુ તલક નહીં ?

મંત્રી—નાં, જહાંપનાહ.

ઔરંગ—અબ જદ યાંસે મુદામ સીપાઈ ભેજકે, મંગવાલો

ઓર વાં કીસ્તરેહસે ચલતાહે, વોભી હકીકત દેખતા આવે, સો અભી ને અભી ભેજો.

મંત્રી—જહાંપનાહ ? જો હુકમ. (એમ કહી એક સ્વારને મોકલે છે.)

ઔરંગ—અબ ચલો શીરને જાવે. (કચેરી બરખાસ્ત થાયછે.)

સ્થળ લોહેશ્વર ક્ષેત્ર.

કર્મશી—અહો મીત્ર ! કારીગરોએ કીલ્લો તથા દેહેરાં સર્વોતમ બનાવ્યા છે ?

વ્યાસ—(ખંડણીનું યાદ આવ્યાથી)હા, પરમ સ્નેહી સારાં મકાન બાંધ્યાં છે. પણ એક કામમાં આપે બીલકુલ ગફલત ખાધી છે, તે કાંઈ યાદ છે ?

કર્મશી—પરમ સ્નેહી, આ દેવસ્થાનો અંદર તો ગફલત થઈ જણાતી નથી !

વ્યાસ—પરમસ્નેહી, આપે ખંડણી મોકલીછે કે શી રીતે ?

કર્મશી—અરે ! આ ભૂલ મહા વિચાર યુક્ત થઇ પડી છે, કેમકે મને ચાર વર્શ ગાદી ઉપર બેઠે થયાં. અને ખંડણી તો મોકલાવી નહીં, હવે શું કરવું.

(બાદશાહનો સ્વાર પ્રવેશ કરેછે.)

વ્યાસ—કાંઈ હરકત નથી, એમાં શું ! જુઓ, બાદશાહ સાહેબે સ્વાર મોકલ્યોછે; તેમની સાથે ખંડણી મોકલી આપો.

કર્મશી—(ચાર વર્શના રૂપીયા આપી. સ્વાર પ્રતિ) મીયાં ! બાદશાહ સાબકું મેરા સલામ કીજીઓ, ઓર કહનાકે, એક તકસીર-

ફી મારી મીલની ચહીએ.

સ્વાર—બહોત ખુબ સરકાર, અબમેં રજા માંગતા હું.

(જાય છે.)

કર્મશી—મીત્રબંધુ! બાદશાહ આગળ સ્વાર કાંઈ ખોદણીતો નહીં કરે ?

વ્યાસ—પરમસ્નેહી! શી હરકતછે? આપ ખુશીથી પ્રતિષ્ઠા કરાવો. (વીપ્રો પ્રવેશ કરેછે)

કર્મશી—વીપ્રોપ્રતિ દાદરો. રે જરા વિચાર કરી. એ રાગ.

સ્થાપો પંચદેવ વિપ્ર અહીં પ્યાર કરી,રે અધિક પ્યાર કરી;
પંડીતો પ્યાર કરી, સ્થાપો પંચ દેવ વિપ્ર અહીં પ્યાર કરી રે અ.
ઇશાને સ્થાપો હનૂમાન વિપ્ર પ્રિત ધરી;
વાવ્યે સ્થાપો અન્નપૂર્ણા, અધીક પ્યાર કરી. રે અધિક. ૧
નૈરૂત્ય કોણે સ્થાપો, પ્રીતથી અબેશ્વરી;
અગ્નીમાં રૂષિ અધિષ્ટાતા,[1] અધિક પ્યાર કરી. રે અધિક.
સ્થાપો શીવ[2] વચ્ચે, સર્વ સહીત પ્રેમ ધરી;
કરો કાર્ય સુભ આપ અધિક પ્યાર કરી. રે અધીક.

વીપ્રો— બહુ સારૂં સરકાર! (એમ કહી વિધિસહ હોમ હવન કરી મંત્ર ભણી પ્રતિષ્ઠા કરાવી. બાદ પ્રકાસ.)

ક્ષત્રી કલંક કેમ લેશોરે. એ રાગ.

સંવત્સોળસેં પાંસઠે આ વાર, પ્રતિષ્ઠા કરી પ્રીત ધરીરે.
સુદી પાંચમ વૈશાખ સોમવાર, પ્રતિષ્ઠા કરી પ્રીત ધરીરે. ૧

---

૧ માર્કંડ રૂષિ. ૨ શીવ, પાર્વતી વીગેરે.

કીધાં આપે જે પ્રસિદ્ધ શ્રેષ્ટ કામ, પ્રતિષ્ઠા.
જેથી પ્રસિદ્ધ થાશે તમ નામ. પ્રતિ. ૨
કીર્તિ જામે જગમાંહી અપાર, પ્રતિ.
તિર્થ આ છે સર્વ કષ્ટ હરનાર. પ્રતિ. ૩
પૂર્વે થઇ ગયો અહીં મુંજરાય, પ્રતિ.
તેણે વધાર્યો અધિક મહિમાય. પ્રતિ. ૪
કર્યો કુંડ ભૂપ આપે તઇયાર, પ્રતિ.
સ્થાપ્યા ગયા ગદાધર તે ઠાર. પ્રતિ. ૫
પામો વિજયી વિજય અપાર, પ્રતિ.
થાશે પ્રસન્ન સદા ત્રીપુરાર. પ્રતિ. ૬
બડભીંજન કીધુંછે રૂડું કામ, પ્રતિ.
જાશે જગતનું દુઃખ અહીં તમામ. પ્રતિ. ૭
ધન્ય ધન્ય ભૂપ આપને આ વાર, પ્રતિ.
રહો કુટુંબ સમેત સુખકાર. પ્રતિ. ૮

કર્મશી—(દક્ષીણા આપી વીદાય કરેછે) મીત્ર! કાંઇ ખામી તો નથી.

વ્યાસ—ના, મીત્ર પણ મારૂં કહેવું એજછે કે, આપે પ્રતિષ્ઠા કરાવી તે શી રીતે અને શા આધારથી તે કાંઈ બતાવ્યું નથી, તો કહેશો.

કર્મશી—ઇશાન કોણમાં હનુમાનજી સ્થાપ્યા તેનું કારણ એજછે કે! રામચંદ્રજી અને લોહાસુર સાથે જ્યારે યુદ્ધ ચાલતું હતું તે વખત તેમના રક્ષણ અર્થે ઇશાનમાં સ્થાપ્યા તે કારણથી, આ ઇશાની

દેરામાં તેમની પ્રતિષ્ઠા કરાવવામાં આવીછે.

વાયવ્ય દેરામાં અન્નપુર્ણા સ્થાપવાનું કારણ એજ છે કે આગળ માર્કુડ વિગેરે રૂષિઓ અનુષ્ટાની અને પ્રયોગી હતા જેથી.

તથા નૈરૂત્ય કોણના દેરામાં અંબેશ્વરી સ્થાપવાનું કારણ એજ કે માર્કુડ રૂષિજી દુર્ગા ઉપાશીક હતા ! અને અગ્નિ કોણમાં માર્કુડ રૂષિજીને સ્થાપવાનું કારણ એજ છે કે, પોતે આ ક્ષેત્રના પ્રસિદ્ધ કરતા અને સર્વ રૂષિઓમાં અધિષ્ટાતા પોતેજ હતા, જે કારણથી તે મને સ્થાપ્યાછે અને મધ્ય દેરામાં શીવજી સહ કુટુંબ પરિવાર સહિત સ્થાપેલ છે.

અને આ ક્ષેત્રથી નૈરૂત્ય કોણમાં તેલ તલાવડી ઉપર ગયા ગદાધર રામચંદ્રજીએ સ્થાપેલા તેમને હાલ કુંડઉપર સ્થાપવામાં આવ્યા છે. અને તેમનો નૈરૂત્ય કોણેજ મુકામ હોઇ અર્થ સીદ્ધ થાશેજ.

વ્યાસ—બહુ સારી યોજના કરી સ્થાપના કરીછે ! શાબાશ છે ! સ્નેહી શાબાશ !! પ્રીય બંધુ આ કુંડના અગ્નીકોણ તરફ જે પીપળોછે, તેને સોનાના પાન શાથી ? અને તેમાં શું પરાક્રમ રહેલું છે !

કર્મશી—સ્નેહ સાગર ! આ લોટેશ્વર મહાદેવજી ભુત ઇત્યાદી રાક્ષસી માયાનું હરણ કરનારછે. વળી રામચંદ્રજીએ માત પીતાના શ્રાધનો મહીમા વધાર્યોછે તે કારણના લીધે આજે દેવ પીંપળો છે; ત્યાં પૂર્વજ પીત્રીના શ્રાધની માનતા ચાલેછે જેથી રામચંદ્રજીએ ચમત્કાર સારૂ તેનાં સુવર્ણનાં પાન રાખેલાંછે. હવે કાંઈ કૃપા દૃષ્ટિ !

વ્યાસ—પરમસ્નેહી કૃપા શીવજી મહારાજની જોઇએ.

કર્મશી—ત્યારે પધારશો ?

વ્યાસ—ભલે ચાલો. (જાયછે).

સ્થળ મુંજપુર.

કર્મશી—પ્રીય બંધુ! બાદશાહ સાહેબને ખબર મળી ચુકયા હશે જેથી મારો એવો વિચાર છે કે આ મુજપરની નૈરુત્ય કોણ તરફ એક દેહેરા બનાવવા ધાર્યું, કારણ કે આ માર્ગ રાહદારીછે.

વ્યાસ—હા, પરમસ્નેહી આપનું કહેવું વ્યાજબીછે.

કર્મશી—ચાલો ત્યારે. (કડીયા વીગેરેને સમજુત આપી જાયછે)

સ્થળ દીલ્હી દરબાર.

ઔરંગ—(ખંડણી લે આવનાર સીપાઇના કહેવાથી મંત્રી પ્રતિ) મંત્રી મેંને કર્મશીકુ રાજ દીયાસો પુરા કીયા હે. કયું કે વો સારે હીંદુ કે દેવાલય બનાતાહે, અબ કયા કરના ?

મંત્રી—જહાંપનાહ જમાદારકુ ભેજો ઓર આપકા દુસરા બીચાર હોવે સો હજુરકી મરજી!

ઔરંગ—જમાદાર, તુંમ વઢીયારમેં જાકે તપાસ કરો કે કર્મશીને હીંદુકે દેવાલય બનાયે હેં કે કીસ્તરે હે, ઓર વો કેસા ધર્મ પાલતાહે સો, દેખ આઓ.

જમાદાર—બહોત અછા ખુદાવીંદ. (જાયછે)

સ્થળ મુંજપુર.

કર્મશી—પરમ સ્નેહી! દેહેરા પણ તૈયાર થયો છે; વાસ્તે ત્યાં જઈ તપાસ કરીશું

વ્યાસ—હા સ્નેહ સાગર! પધારો.

(દેહેરા પાસે જઇ)

કર્મશી—આ પણ ઘાટતો સારો ભેઠાવેલ છે, હું ઉપર જઈ જોઊંછું (એમ કહી તે ઇદવા ઉપર ચઢી ઘુંટણીએ બેશી સર્વે જુએ છે તેવામાં દીલ્લીથી જમાદાર આવે છે અને છેટેથી નજર કરે છે તો કર્મશી નિવાજ પઢતા હોય, એવું તેને લાગવાથી તથા બીજે ક્યાંઇ મકાનો નજરે નહીં પડવાથી તે દીલ્લી તરફ વિદાય થાય છે બાદ) મીત્ર ! ઇદવા પણ ઠીક બાંધેલ છે. હવે થોડીક દુર ફરવા જઇશું ?

વ્યાસ—ભલે પધારો. (જાયછે)

સ્થળ દીલ્લી દરબાર.

ઔરંગ—મંત્રી ! જમાદારકું બહોત દીન હુવે, મગર હજુ તલક ક્યું નહીં આયા ?

જમાદાર—(પ્રવેશ કરેછે) જી હજુરમેં હાજર હું !

ઔરંગ—બોલો, જમાદાર ! તુમને વાંજાકે ક્યા કીયા ?

જમાદાર—બંદેનિવાજ ! મેં વાંસે જાકે દેખા. કર્મશી રાજા એક ચિતસેં નિવાજ પઢતેથે, ઔર મુસલમાનીજ ધર્મ ચલાતાહે. બંદેનિવાજ ! મે તો નજરૂસે દેખાહે.

ઔરંગ—અછા મગર મુઝે દેખના ચાહીયે. મેં જાતે જાકે તપાસ કરૂંગા.

મંત્રી—જહાંપનાહ આપકા ફરમાન વાસ્તવીક હે.

ઔરંગ—જમાદાર, તુમ દસે પંદરે સ્વાર લેકે તાકીદસેં આઓ.

જમાદાર—બંદેનિવાજ, જો હુકમ. (જાયછે)

ઔરંગ—મંત્રી ચલો, અપને બિદાય હોવે, જમાદાર દરવાજાજે બાહાર ભેળી હોજાયગા !

મંત્રી—જહાંપનાહ ! પધારીયે.

(દરવાજા આગળ જાયછે ને જમાદાર પણ ભેગો થવાથી કુચ કરેછે)

અંક ૭ મો

સ્થળ મુંજપુર.

કર્મશી– (અપશુકનો થવાથી ઉદાસમાં) **આહ.**

અરે આજે આમ શું થાયરે, મુને સુઝે નહીં કાંય;
મારૂં દીલ અતી મુઝાયરે, મુને સુઝે નહીં કાંય. ટેક.
ક્યાં તો આફ્ત સીરે આવી, રાજ્ય આ મારૂં જાય;
પરમ દયાળુ મેં તુંજ પ્રત્યે, નથી કીધો અન્યાયરે. મુને. ૧
ભક્તિ તારી નથીજ વિસારી, નહીં કીધો મેં અધર્મ;
માળા તમારી નીત્ય જપુંછું, જાણોછો મુજ કર્મરે. મુને. ૨
અનાચારમાં પાય ન દીધો, નવ રાખ્યો મન ગર્વ;
અંતર યામી આપ જાણોછો, રીતી મારી સર્વરે. મુને ૩
ક્રિપા કરી પ્રભુજી મારી, કરશો વ્યાધી દુર;
રખે ! મુંજપર આફ્ત આવે, ચીંતા છે ભરપુરરે. મુને. ૪

વ્યાસ— હમકું છાંડ ચલે બન માધુ. એ રાગ.

અરે સ્નેહી હું તમને આ વારે, નિસ્તેજ દેખી બળી મરૂંરે;
શાને શોચ કરો દીલ માંહે, આપ કાજે મુજ શીર ધરૂંરે. અરે ૧
પ્રીય સ્નેહી જોઈ આપની સ્થોતી, નિજ તન સાચવવાનું કરેરે;
ધૂળ છે તેના સ્નેહને ત્યારે, સુખ દુઃખમાં નવ પાય ધરેરે. અરે ૨
દીલ્લીપતીનો ભય નવ રાખો, તેની રીતી હું જાણુંછું પ્યારા;
એજ વિચારમાં આપ દીસોછો, ફીકર રાખો સું મીત્રજી મારા. અરે ૩

કર્મશી—(ઔરંગ જેબને આવતા જોઈ) પરમ સ્નેહી ! બાદશાહ પધારે છે, વાસ્તે ચાલો સામા જઈએ. આપણુને જે વીષે

ફીકર હતી તેજ આવી મળ્યુંછે, પણ શું કરવુ તેમાં કાંઈ ઇલાજ નથી. (સન્મુખ જઈ આદરભાવ બતાવી આસનપર બેસારેછે.)

ખુદાવીંદ! આપની તબીયત મજેમાં છે?

ઓરંગ—કર્મશી, અલ્લાતાલાના કરમવફ્જલસે ખેરીયત હે. મગર બોલો તુમને હીંદુને કેતે દેવસ્થાન બનાયેહે?

કર્મશી—સ્વગત બાદસાહને નક્કી સીપાઇએ કહેલુંછે. પણ ખેર પ્રથમ વીનયથી વાતો કરવી તે સારૂંછે પ્રકાશ.)

પીલુ. કહું શું નસીબે.

ધન્ય દીવસ આજ ભાગ્યછે મારાં, દર્શ થયાં દીલ્હીપતી તમારાં;

ખુદાવીંદ શ્રી ક્રિપા કરીને, પાવન કીધાં આ ધામ સારાં. ધન્યદી. ૧

મુજ બાબતમાં આપની પાસે, વચન કહ્યાં જેને ક્રુર કરનારાં. ધન્ય. ૨

ઇદધા બતાવી— દૃષ્ટિ કરો દીલ્હી પતિ પ્રીતેથી,

એ સ્થાનક આપનાં કે અમારાં ધન્ય. ૩

ઔરંગ—અછા કર્મશી, તુમને રાજ્યસ્થાન કહાં રખાહે?

કર્મશી—મારી ઉમેદછે કે, આપ ગાદી પાવન કરવા મારી સાથે પધારશો.

ઔરંગ—બહોત અછા કર્મશી. બલકે,

ગીતી.

પ્રજા હીત કે કારન, કિયે કેતે કર્મશિ દેવસ્થાન

તે મુજકું બતલાવો, તસદી લીજીયે પ્રિતે ગુણવાન. ૧

કર્મશી—ખુદાવીંદ! આપ તપાસ કરશો તો સર્વ જણાઈ આવશે. પણ આપ કોઇના કહેવાથી વહેમાઓછો, તે વાસ્તવિક નથી. બંદે નિવાજ! આપ મારી સાથે, રાજ્યાસન પાવન કરવા

પધારવાના છો જેથી આપના જોવામાં સઘળું આવશે, વાસ્તે આપે રહેમીયત રાખવી જોઇએ.

ઔરંગ—કર્મશી ! સચબાત હે. અબ તુમ રાજ્યાસનપર જાઓ મેં આતાહું, સારા સામન તયાર કરવાઇઓ.

કર્મશી—આપની રહેમીયતથી સર્વ તૈયારજ છે ! મગર આપનો હુકમ છે, તો રજા લઉંછું (સ્વાર થઇ સોટેશ્વર તરફ વીદાય થાયછે.)

ઔરંગ—મંત્રી ! બીચમેસેં સાલ નીકાલાહે, અબ ચલો તપાસ કરને જાવે !

મંત્રી—જી હજુર ! પધારીયે. (બાદ સ્વારી સહ જાયછે.)

સ્થળ સોટેશ્વરનું દેહરૂં.

વિપ્રો—(પંડિતો પ્રતિ) પંડિતજી મહારાજ ! આજ મહારાજા સાહેબ પુજા કરાવવા આવવાના છે, કોણ જાણે કેમ આટલી વાર થઇ!

પંડિત—(છેટે નજરે પડવાથી) સરકાર સાહેબ તો પધારેછે, પણ આજ તેમને સીર કોઇ આફ્ત આવી હોય તેમ સુરથી વ્યાસજી તથા પોતે ઘોડા ઝાપટે આવેછે.

કર્મશી—(પ્રવેશકરી) વિપ્રો ! દીલ્લીનો અધર્મી રાજા ઔરંગઝેબ અહીં આવ્યો છે, વાસ્તે તમારાથી ઉપડતી મુર્તિઓને ઝાડીમાં સંતાડી આવો નહીં તો તે દુષ્ટ આવી ખંડીત કરશે.

વિપ્રો—સરકાર સાહેબ આપનો વિચાર આજ નિષ્ફળ ગયો ! અરે એ દુષ્ટ ક્યાંથી આવી ચડયો ?

કર્મશી—ખેર, હવે તે વાત કોરે રાખી મુર્તિઓ સંતાડી આવો.

વિપ્રો—(એકદમ ઉઠી પોતાથી ઉપડતી મુર્તિઓ ઝાડીમાં સં-તાડી આવે છે) સરકાર સાહેબ હવે કોઈ જડી શકે તેવી નથી.

કર્મશી—અરે; ત્યારે હવે શું કરવું ?

વ્યાસ—પરમ સ્નેહી જેમ ભવિષ્યમાં લખ્યું હશે તે થાશે. પણ હવે ચાલો નહીંતો બાદશાહ આવી પોહોચશે !

કર્મશી—(દીલગીરીથી)હા પ્રીય બંધુ ચાલો (બંને જાયછે)

ઔરંગ—(છેટેથી કીલ્લો જોઈ) મંત્રી, કર્મશી ઈમાનદાર હે ઉસમે શક નહીં ! દેખો કર્મશીને તો મસજીદ તયાર કરવાઇહે.

મંત્રી—હાં બંદે નિવાજ ! લગતાહે એસા, પીછે ચાહે સો હોવે.

ઔરંગ—ચલો અંદર જાવે. (એમ કહી અંદર સર્વ પ્રવેશ કરે છે તો દેહેરાં નજરે પડવાથી) મંત્રી ! અંદર તો હીદુકે દેવ-સ્થાન હે, સો મેં સબ મુર્તિયાં ખંડીત કરતા હું ઓર તુમ ઓર

સારે સ્વાર એ સબ દેહેરે તોડ નાંખો.

મંત્રી—(તથા સ્વારો) હુકમ થાતાં સર્વ દેવસ્થાન તોડી ના-ખે છે બાદ) બંદે નિવાજ અબ કયા હુકમ ?

વીપ્રો—ગરીબપરવર ! હવે ક્ષમા કરો. આપે બહુજ જુલમ કીધોછે.

ઔરંગ—અરે કોઈ હાજર !

સ્વારો—બંદે નિવાજ ! હાજર હેં.

ઔરંગ—સારે બમનકું નિકાલો (હુકમ થાતા સ્વારો મારી કાઢે છે) મંત્રી સાવધ રહેના.

મંત્રી—ખુદાવીંદ સબ સાવધ હે.

ઔરંગ—(સર્વ મુર્તીઓ ઉખેડી ખંડીત કરેછે બાદ હનુમાનજીની મુર્તી પાસે જઈ ઉખેડવા માંડેછે તો ઉખડતી નથી તેથી) મંત્રીયાં સબ ખોદ ડાલો!

મંત્રી—(સ્વારો સહીત જાયછે પણ નહીં ઉખડવાથી) બંદે નિવાજ? બહોત કઠીન હે, અબ કયા હુકમ હે?

ઔરંગ—ખેર! જાનેદો! પછી ઔરંગજેબ હનુમાનજીનો જમણો ખભો, અને થોડાક જમણો પગ ખંડીત કરી મહાદેવજીના પોઠીયાનું સીર પણ ખંડીત કરી સૈન્ય સહીત દીલ્હી તરફ જાયછે. ત્યારબાદ કેટલાંક વર્ષ રાજ્ય ભોગવી બુરે હાલે મરણ પામેછે. અને કર્મશીને પણ ખબર થવાથી તે ઇશ્વર ભક્તીમાં દીન ગુજારી મોક્ષ ગતી માગેછે, ત્યારે અંતરીક્ષથી વૈમાન આવેછે તેમાં બેશી તેની સ્ત્રી સહીત વૈકુંઠમાં પ્રવેશ કરેછે.)

અંક ૮ મો.

पुनराख्यानं.

मार्कंडेउवाच. **श्लोक.**

गोवर्छनैरतेत्नागे, द्रष्यतेलोहवष्टीका॥ १
स्वयंभुलींगरूपेण, रूद्रस्तत्रस्थीतस्वयं॥ २
मारूतिर्थसरस्वत्यां, नमस्यतेचंद्रसंक्षए॥ ३
प्रेतयोनीविनीर्मुक्त, क्रिडंतीपीतरोहीवि॥ ४

अपिनःस्वकुलेभुयात, योनदधात्तिलोदकं ॥ ५

पींडंचलोहयष्टियावै, प्रेतपक्षेविधुक्षये ॥ ६

लोहयष्टीयाममावाश्या, कार्यान्नाद्रपदैजनै ॥ ७

विसुद्धमुनयःप्राहु, पीतरोयदीवलन्ना ॥ ८

क्षिरेणतुतीलैन्नीश्च,स्नातवासरस्वतीजलै॥ ९

पित्रृणत्रीतीयसंपुर्णा,तस्यदवचनंयथा॥ १०

तत्रश्राधानीकुर्यात,शक्तनीःपायसासः॥ ११

अमावाश्यादीनंप्राप्य,पितृणामोक्ष्यगच्छेतौ।१२

महदाख्यानमखीलं, पापघ्नंपुण्यदचयत ॥

पवित्रंशतपावित्राणां, महापातकनाशनं ॥ १३

દોહરા.

શ્રી સરસ્વતી મહાત્મ્યના, સ્કંધ પુરાણ પ્રમાણ;

સરસ્વ હકિકત શોધિને, કહુંજછું આખ્યાન. ૧

ભાદ્રવદી અમોસ દીન, અહીં સરાવે શ્રાધ;

તૃપ્ત થાય ત્યાં પૂર્વજો, મહિમા છેજ અગાધ. ૨

ગયાજીમાં જે જન કહિ, કરે એકવિસ વાર;

મહિમા એવો ક્ષેત્રનો, એક વાર આ ઠાર. ૩

ક્ષેત્ર થકી નૈરત્યમાં, તેલ તલાવડિ નામ;

કાર્તિક ફાગણુ ચૈત્રમાં, બહુ શ્રાધ તે ઠામ. ૪
પણુ તે ક્યારે થાયછે, તેહ સુણો આ વાર;
નાયણુ બળિ કરાવેતો, થાય શ્રાધ નિર્ધાર. ૫
કો સ્થળ શ્રાધ માતુ તણુ, કો સ્થળ પિતુનું હોય;
ક્ષેત્ર મહિમા છે અધિક, શ્રાધ સરાવે દોય. ૬
કારણુ બળિ નાયણુ તણુ, એવું છેજ ખચીત;
શીવ શાંતી સદા કરે, એ બળિ નાયણુ રીત. ૭

દ્રષ્ટાંત.

કાઠિવાડ[૧] એજન્સિમાં, ઝાલાવાડજ[૨] નામ;
તે તાબાનું એક છે, શીરોઈ કરી ગામ. ૮
ત્યાંય તણા રજપુતને, હતીજ પ્રેત પિડાય;
જમતાં ધી લે અન્નમા, પિશાચ ત્યાં દેખાય. ૯
ચીંતા તેના [૩]દીલમાં, કરવા દૂર ઉપાય;
અન્ન પીરશ્યું નવ ગમે, દિલમાં તેમ દુભાય. ૧૦
આસ્તા રાખી [૪]શીવની, મુને જો થાશે સુખ;
નાયણુ બળિ ત્યાં આવિને, કરૂં હું કાપો દુઃખ. ૧૧
તેહ થકી રજપૂતને, દૂર થઇ પીડાય;
તેલ તળાવે આવીને, કર્યુંજ નાયણુ ત્યાંય. ૧૨
શ્રી લોહેશ્વર ક્ષેત્રનાં, અધિક જાતિ દ્રષ્ટાંત;
જાણે તે સર્વેજનો, બંધ કરૂં વૃત્તાંત. ૧૩

---

૧ કાઠીયાવાડ. ૨ ઝાલાવાડ પ્રાંતનું. ૩ રોટલામાં. ૪ લોટેશ્વરની.

યથાર્થ વિવેચન.

ત્યાર પછી આ ક્ષેત્રનું, રહ્યું કામ તે ઠાર;
વિક્રાંત વર્ષ અતિ થયાં, ક્ષેત્ર તણાં નિર્ધાર. ૧૪

હાલ જીહાં મ્હાદેવજી, પધરાવ્યા નિર્ધાર;
બિના થોડિ હું વીસ્તરૂં, જાણી વિગતે વાર, ૧૫
પ્રથમ કર્મશિ રાય અહીં, થઈ ગયો પ્રખ્યાત;
પરોપકારી તે હતો, પ્રસરી જગમાં વાત. ૧૬
કરમ્મશીરથવી તણું, જે કરાવેલ કામ;
નવિન થકી નૈરૂત્યમાં, કિલ્લો પા'ણ તમામ. ૧૭
પૂર્વ પશ્ચિમ બારણાં, બન્ને તરફ ત્યાંય;
તે વર્ણન પ્રીતે કરૂં, પંચદેવ છે જ્યાંય. ૧૮
મધ્ય દેરામાં શિવજી, ગણપતી માતુ સાથ;
મહિમા પૂર્વે વર્ણવ્યો, ક્ષેત્ર તણોજ અગાધ. ૧૯
ઇશાનમાં હનુમાનજી, અન્નપુર્ણા છે વા'ય;
અગ્નીમાં આરાસુરી, નૈરૂત્ય રૂવિરાય. ૨૦
કારણ દેરાં પાંચ એ, શાથી રચિયાં ત્યાંય;
મહિમા તેનો વરણવું, સ્થાપન રીતી આંહ. ૨૧
રામે રૂષી રાયની, સાહ્યજ કરવા જ્યાંય;
ઇશાન કોણે રાખિવા; હનુમાનને ત્યાંય. ૨૨
અનુષ્ટાની રૂષિ હતા, તે કારણથિ ત્યાંય;
અન્નપૂર્ણા સ્થાપીયાં, વાવ્ય દેરાનિ માંય. ૨૩
નૈરૂત્યે આરાસુરી, પધરાવ્યાં તે ઠાર;

ઉપાશીક રૂષી હતા, મારકુંડ તે વાર. ૨૪
ક્ષેત્ર પ્રસિદ્ધ પ્રિતે કર્યું, માર્કુંડ રૂષિરાય;
અગ્નીકોણે તેમને, પધરાવ્યા છે ત્યાંય. ૨૫
અધિષ્ટાતા રૂષિ સમિપ, તેજ હતા નિરધાર;
જેથી ત્યાં પધરાવિયા, ક્ષેત્ર પ્રસિદ્ધજ કાર. ૨૬
હાલ કુંડ જે ગંગવો, પ્રથમ ઈંટનો જેહ;
સંવત સોળના પાંસેઠ, કરિઓ પૂર્વે તેહ.
વૈશાખ સુદી ત્રીજને, હતો વળી બુધવાર;
પ્રાચિન સર્વ ત્યારે બન્યું, તિર્થ સર્વ નિરધાર. ૨૮
ઓગણિસેહ પચીસમાં, કર્યો કુંડ તે વાર;
પાંચ વિભાગ તેના કરી, બનાવિયો નિર્ધાર. ૨૯
પૂર્વે પ્રાચિન કાળમાં, રામજી એ તે ઠાર;
લોહાસુરને મારિયો, યુદ્ધ કરી નિર્ધાર. ૩૦
પૂર્વે સંધી તે બિના, વીસ્તારી છે જ્યાંહ;
તે કારણથી આ સ્થળે, બંધજ રાખુ આંહ. ૩૧
તે દિવસે જે આકૃતી, કરી જ રામે જ્યાંય;
તેજ સ્વયંભૂ છે વળી, વચ્ચે કૂપની માંહ. ૩૨
માસ ચૈત્ર વૈશાખમાં, તેહ કુંડની માંહ;
હસ્ત ફેરવી દેખતાં, મળે સ્વયંભૂ ત્યાંહ. ૩૩
પ્રતક્ષ નજરે કોઇને, નવ જણાય આકાર;
કારણ છેવટ કુંડમાં, રહે કમર સમ વાર. ૩૪
ક્ષેત્ર તણી ઇશાનમાં, શુભ કુંડની માંહ;

પ્રવાહ ગંગા પ્રીતથી, કુંડ અંદર થૈ જાય. ૩૫
પૂરાતનજ કાળનો કુંડ ગંગવો ધામ;
એ જગવો પ્રાચીનમાં, હતાં સૌકો નામ. ૩૬
લાંબા હસ્તજ પંચછે, તેમજ પહોળા સાર;
ઊંડા એકજ પુરૂષ સવા, તેહ કુંડ છે ચાર. ૩૭
દરેક ખાને આઠછે, પાવડિઆં નિર્ધાર;
કૂવાના વી ભાગમાં, છે તે બે’ રખદાર. ૩૮
પુર્વ તરફની બાજુએ, છેજ સરોવર સાર;
નથીજ તે બંધાયલું, પાંણુ ઈંટ નિર્ધાર. ૩૯
કુંડ તણો જે ઓટલો, સરોવરનિ કીનાર;
તેને પાવડી થાંજ છે, ઉતરવાનાં ચાર. ૪૦
સુકલ સેવક સર્વનું, હજો કે’વું છે એમ;
[1]પ્રાચિન કાળે ચાલતાં, ચાલ્યો જાએ તેમ. ૪૧
કોઈક દીન નૈરૂત્યમાં, તેલ તલાવડિ જયાંહ;
પ્રતક્ષ નજરે જોય છે, વારી કો જન ત્યાંહ. ૪૨
તેમજ આજે કુંડ છે, તેમાં એ છે વાર;
અહર્નિશ ત્યાં આવે છે, ગંગ નીર તે હાર. ૪૩
કીલ્લો નિરખો નેહથી, પૂર્વ તરફ કરી પ્રિત;
જૂઓ નિહાળિ સૌ જનો, ધાટ દીસે મસજીદ. ૪૪
પૂર્વ તરફની બાજુએ, કરી બારિઓ બેય;
પ્રતક્ષ જો જો પ્રિતથી, હાલ સુધી છે તેહ. ૪૫

---

૧ ગંગા અને સરસ્વતીનો પ્રવાહ.

પૂર્વે દેરાં પંચ ત્યાં, હતાં કોટની માંહ;
આકાર તેનો છે હજુ, હતાં જયાંપને ત્યાંહ. ૪૬

પ્રાચિન કાળથી ધામ આ, થયું પ્રસિદ્ધ અપાર;
શું શીવજી લીલા તહીં, થઇ હતી નિર્ધાર. ૪૭

સંવત્સર ઓગણિસની, સુભ દ્વિતીય જે સાલ;
બસો સાડત્રિસ તે થકી, વર્ષ વિતિયાં હાલ. ૪૮

ત્યાર પછિ વર્ષ પંચ જે, સૂભ સાતની સાલ;
ઉમેદશંકર સેવકે, હસ્ત ધર્યું કરિ વ્હાલ. ૪૯

અધિક રીત સુધરાવતાં, પંચ વર્ષ વિક્રાંત;
સંવત બારનિ સાલમાં, કર્યુંજ અતિ સીદ્ધાંત. ૫૦

દરવાજામાં પેસતાં, નૈરૂત્ય બાજુ ત્યાય;
ધર્મશાળા બનાવિ તે, વર્ષ એકની માંય: ૫૧

ત્યાર પછી વર્ષ વિતિયાં, પ્રથમ પ્રમાણે બાર;
પચિસમાં જે જે બન્યું, તેહ કહ્યું નિર્ધાર. ૫૨

કુંડ પરે નૈરૂત્યમાં, ગયા ગદાધર નામ;
તિહાં પ્રતિષ્ઠા તે તણી, હજુ ચાલેછે કામ. ૫૩

છે તાલિસની સાલમાં, કર્યો એમ વીચાર;
પ્રતિષ્ઠા કરવિ પ્રતિ શું, ગયાજીની આ વાર ૫૪

પણ એમજ વળિ ચાલીયાં, વર્ષ બેય તે ઠાર;
હાલ સુધી બાકીજ છે, તેહ સ્થાન નિર્ધાર. ૫૫

ક્ષેત્ર થકિ કોણ વાય્યમાં, સરસ્વતીનો વાસ;
તે પણ ગુમજ ચાલિયાં, નૈરૂત્ય કોણની પાસ. ૫૬

આહ થકિ પણ અધીક છે ક્ષેત્ર, તણો મહિમાયછે;
નથી તેહની કાંઇથી, થઇ શકી ઉપમાય. ૫૭
અનગળ મેળો ફાલ્ગુનમાં, કૃષ્ણ પક્ષની માંહ;
ત્રયોદશી ચતુરદશી, અમોસ દીન ભરાય. ૫૮
રીતી શી થાયે તહી, તેહ કરૂ વર્ણન;
વાંચો પ્રીત ધરી સહૂ, રાખી સ્થીરતામન. ૫૯
આવેછે જન અધિક ત્યાં, કરવા પ્રેતને દુર;
કારણ પ્રાચીન કાળનું, વિસ્તારૂ ભરપુર. ૬૦
પ્રેત પિડા જો હોયતો, તેલ તળાવે જાય;
નાહિ નીકળે જ્યાહરે, પ્રેત પ્રવેશજ થાય. ૬૧
ભિંને વસ્ત્રે ત્યાંહથી, આવિ ગંગવે ન્હાય;
મ્લેચ્છ પ્રેતજો હોય તો, તેહ સ્વચ્છ થૈ જાય. ૬૨
ત્યાર પછિ તે ત્યાંહીથી, જાયે નીજ અવાસ;
જાણે નહી તે ઉરમાં. રહે પ્રેતકો પાસ. ૬૩
નિશા પડે નિજ વાસથિ, શીવજી દેરે જાય;
દરશન ત્યાં કર્યા થકી, પ્રેતજ જાગૃત થાય. ૬૪
બાદ દિપક લે જાય ત્યાં, હોય જ્યાં નિજ અવાસ;
સનમુખ દીપક રાખિને, થાળિ વગાડે પાસ. ૬૫
પ્રેત પ્રિડા ધુણી વદે, સર્વે પ્રતી તે એમ;
જાણીછું હું આંહિથી, મુજને છેડો કેમ. ૬૬
દેખિ દિપક હું બળિ મરૂં, સર્વ કહે શા કાજ;
પ્રેત પિડા વળતી વદે, રે' જોગેશ્વર રાજ. ૬૭

અમને મારેછે અધિક, જેથી ભય બહુ થાય;
આ વીગેરે અધિક છે, ક્ષેત્ર તણો મહિમાય. ૬૮
પીત્રી પૂર્વજ હોયજે, તેહ વંદું વૃત્તાંત;
સ્થીર રહી પ્રેતે પ્રતી, ભાગે મનની ભ્રાંન્ત. ૬૯
કુંડ પરેછે અગ્નિમાં, દેવ પીપળો એક;
મહિમા તે હું વર્ણવું, પૂર્વજ પ્રેત વિશેક. ૭૦
પ્રાચિન કાળે પીપળો, હતો સુવર્ણ તેહ;
રામજીએ ત્યાં આવીને, પ્રગટ કરીયો એહ. ૭૧
પ્રથમ ગંગવે નાહિને, દેવ પીપળે જાય;
તીહાં નીર નીરે સહુ, પિત્રી તૃપ્તજ થાય. ૭૨
કારણ તે જાણે સહુ, નવ થાએ ઉપમાય;
એ વીગેરે અધિક છે, ક્ષેત્ર તણો મહિમાય. ૭૩
આસ્તા રાખે સીત્રની, પ્રેત દૂર થૈ જાય;
કારણ તે સર્વે કહ્યું, ક્ષેત્ર તણો મહિમાય.
કોઈક વર્ષેજ એકને, કો બે વર્ષ જાય;
ત્રણ વર્ષ તે અધીક, ક્ષેત્ર તણો મહિમાય. ૭૫
કોઈક વર્ષેજ એક બે, કો ત્રણ વર્ષે જાય;
તેહ રીતી પણ અધીક ત્યાં, ક્ષેત્ર તણો મહિમાય. ૭૬
કારણ ગર્વ ટળે સહૂ, મર્મ વધ્યો નવ જાય;
પ્રેત દૂર થૈ જાય છે, ક્ષેત્ર તણો મહિમાય. ૭૭
વળી હે આસ્તા પ્રશની, સંતતિ કારણ કોય;
ઈશ કૃપા પ્રબળ થકી, પૂર્ણ મનોરથ હોય. ૭૮
દરવાજે શિવજી તણો, છેજ ઉગમણે મૂખ;

પરવરતાં આગળ વળી, શીવજી સ્થાન પ્રમુખ. ૭૯
ડાબા જમણી બાજુએ, ધર્મશાળા તે ઠાર;
અધિક રીત સુધરાવી છે, ક્ષેત્ર તણી નિર્ધાર. ૮૦
પ્રથક પ્રથક રીત વર્ણવી, ધર્મા રણ્યની સાર;
ક્ષેત્ર મહિમા છે અધિક, નવ પામે કો પાર. ૮૧
અધિક ધામ છે પૃથ્વિમાં. અવિચળ જે કે'વાય;
પૂર્વ થકી વધતો થયો, ક્ષેત્ર તણો મહિમાય. ૮૨

રાગ—કલ્યાણ.

શ્રી ઉમીયા પતી, દયાળુ છો અતી;
જુગલ હસ્ત જોડી, હું કરૂં છું વિનતિ... ... ... ટેક.
અંતરયામી વીભૂ વીસરામી, સમરૂ શીવ મહારાજ;
વંદું દીન અર્ણાર વીનયથી, શીર નામી ને આજ ... શ્રી
પ્રથમ પ્રયાસી પુસ્તક આ છે, તે જાણે તું ઇશ;
ભૂલચુકની માફી માગી, વંદું છું જુગ દીશ ... શ્રી
લોભ મોહ મદને મત્સર, તેનો કરશો પ્રભુ નાશ;
સુખ સાન્તિ દો પ્રજા સમસ્તે, ત્રિગુણાત્મક દીલ આશ શ્રી
વિજયી વિજય જય પામે જગમાં, આપજ લેતાં નામ;
ત્રંબક ત્રિગુણાત્મક છે સૌને, આપ તણી દીલ હામ શ્રી
મંદ મતિ છે માહરી શીવજી, સર્વ કવિનો દાસ;
તે મુજબ આ ગ્રંથ રચ્યો છે, જાણી દીલ ઉલ્લાસ શ્રી
શ્રી ધર્મારણ્ય ક્ષેત્ર સમીપે, ક્ષેત્ર લોહેશ્વર સાર;

તુંજ કૃપાએ મહિમા સર્વે, ગાયો શ્રી ત્રિ પુરાર શ્રી

વિનતિ સારી દીલમાં ધારી, સાહ્ય કરો મહારાજ;

શ્રી હટકેશ્વર મેહેર કરો, અંબાજી રાખો લાજ શ્રી

અદ્રિ સુતા પતિ અખિલ વિશ્વમાં, દિવ્ય તેજ દેખાડ,

વંદી મોતિલાલ વદે છે, સાન્તિ કરો જગપાળ શ્રી

શાંન્તિ ! શાંન્તિ !! શાંન્તિ !!

समाप्त.

શ્રી.

પ્રથમથી આશ્રય આપનાર શ્રીયુત મહાશય ગ્રહાકોનાં મુબારક નામો આ નિચે દર્શાવવામાં આવ્યાંછે.

૮ રા. રા. મે. ઠાકોર સાહેબ ચંદુલાલ હરીલાલ
જાગીરદાર રાધનપુર
૨૫ રા. રા. મેહેતા મોહનલાલ જગજીવનદાસ
માર્ફત
૧ ,, મોહનલાલ જગજીવનદાસ રાધનપુર
૧ ,, માણુકલાલ છગનચંદ ,,
૧ ,, પરસોતમ ભોગીલાલ ,,
૧ ,, કેશવલાલ મુલજી ,,
૧ ,, હરીશંકર ગગાભાઇ સરવૈયર ,,
૧ ,, ગાંધી હરી રામચંદ ,,
૧ ,, પટેલ હરીલાલ મુળચંદ બા. કા.
બલોધણુ
૧ ,, બાપુલાલ કેશવલાલ રાધનપુર
૧ ,, રેવાશંકર હરીશંકર સમી

૧ ,, મોહનલાલ હરીશંકર રાધનપુર
૧ ,, સોની નાનચંદ મગન ,,
૧ ,, વિઠ્ઠલ લલ્લુ ખુ. ના. નાકારકુન ,,
૧ ,, સોની મનસુખ હરજીવન ,,
૧ મે રા રા લક્ષ્મીપ્રસાદ પ્રભુલાલ મુંજપુરમાં
હાલકારી
૧ ,, ,, વાડીલાલ લલ્લુરામ સામીમાં
હાલકારી
૧ રા રા ગંગારામ દયારામ સમીરે. કા.
૧ ,, ,, બાપાલાલ પ્રેમાનંદ થરાદ ધ.
ડાક્ટર
૧ ,, વ્રજલાલ રણછોડલાલ વીરમગામ
૧ ,, દોલચંદ ચતુર પાડલા તેહેસીલદાર
૧ ,, છોટમલાલ લાલચંદ આરીઠા
૧ ,, જેઠાલાલ વીરેશ્વર દેકાવાડા તા.
વીરમગામ

૧	,, આદીતરામ પીતામ્બર	ધોલાડા
૧	તરભોવન પબજી	,,
૧	કરસન કુબેર	,,
૧	જીવણરામ ચૈલારામ	રાપુ
૭	કંટરાકટર અભેચંદ હંસરાજ	મારફત
૧	,, અભેચંદ હંસરાજ	રાધનપુર
૧	,, જગજીવન હંસરાજ	,,
૧	રા રા હેમચંદ હંસરાજ	ચરખડી
	વહીવટદાર	ગોંડલ
૧	,, દામોદર કાનજી કા. મા.	ગોંડલ
૧	,, ખુશાલચંદ વરધમાન ફો. કા.	
		હરદમવાળા
૧	સંધાણી હીરચંદ હરજી.	
૧	પરી. નરભેરામ હેમશી	
૨	રા. રા. પ્રેમચંદ જેઠાભાઇ.	રાધનપુર
૨	,, ભીખાભાઇ બાદરચંદ	,,
૨	,, ચંપકલાલ લલ્લુરામ.	રા. મા. ફો.

૧	રા.રા. પ્રીયભાઇગુણવંતલાલબીહારીલાલસમી	
૩	,, અચરતલાલ ગુલાબરામ. ખુ. ના.	
	ના. કા.	
૬	પ્રીયભાઇ હીરાલાલ બાલારામ	મારફત.
૧	નંદલાલ જમનાલાલ	રાધનપુર
૧	દામોદરદાસ કેશવરામ	પાટણ
૧	રા. રા. મહાસુખરામ કીરપારામ	,,
૧	રા રા રામરાય નંદરામ વકીલ	,,
૧	પ્રીયભાઈ હીરાલાલ બાલારામ	રાધનપુર
૧	રા રા ભોગીલાલ બાલારામ	ચાણસમા
૧	ઠાકોર દોલતસીંગ મોતીસીંગ	રાધનપુર
૧	શ્રીધરરાવ ચીંતામણરાવ ,,	રીકાર્ડર
૧	રા રા મનોરલાલ દલછારામ ચંદુર	
	તેસીલદાર	
૧	રા રા દલસુખરામ રામચંદ સા. મં. કા.	
૧	,, ,, શીવલાલગણપતરામ રા.ઇ.સ્કુ.મા.	
૧	,, વામનરાવ ગણપતરાવ	રાધનપુર.

૧ રા રા પીતાંબર જેરામ ભદ્રાડાતે દાર
૧ ,, જયંતીરાય બનસીધર ક. સુ. કા.
૧ ,, મોહનલાલ ઉજમ
૧ તંબોળી પરભુલાલ પાનાચંદ
૧ રા રા માણુકલાલ પીતાંબર ર. તે.
૧ રા રા પટેલ શીવલાલ ગંગારામ મે.
૧ ,, ,, કકલદાસ પ્રભુદાસ વકીલ
૧ ,, ,, વૈકુંઠરામ વીઠલરામ પો. કા.
૧ ,, ,, અમથાલાલ મયારામ ન્યા. ફો. કા.
૧ ,, ,, ડાહ્યાલાલ સારારામ ભી. તે.
૧ ,, ,, ધનેશ્વર વૈજનાથ હે. એ. કા.
૧ ,, ,, ઈશ્વરલાલ પરસોતમ હકીમ
૧ સુથાર મીઠાલાલ નરસીહ સ.ગુ. સ્કુ. આ.
૧ ,, કાનજી છગન
૧ રા રા ત્રીભોવન કેવળ ખા. હ. કા.
૧ રા રા રણછોડલાલ મયારામ ,,
૧ ગાંધી મગનલાલ રાયચંદ

૧ નર્મદાશંકર ગોપાળજી
૧૦ રા. રા. જયંતીરાય બનસીધર મારફત
૧ ,, સોભાગ્યચંદ શાંતીદાસ સમીમંડી કા
૧ રા રા ત્રંબકલાલ ત્રીકમલાલ મેહેતા
૧ રા રા વિશ્નુરામ ત્રીકમલાલ ,,
૧ ,, ,, હરીશંકર રાજાસંકર મં. કા. પાટણ
૧ ,, ,, ભવાનીકર રાજાશંકર નાકેદાર
૧ દવે નથુશંકર હીરજી ઝીલવાણા નાકેદાર
૧ શાહ અમૃતલાલ રીખવચંદ
૧ શુકલ પ્રાણુશંકર ભવાનીશંકર પંત્ના
૧ મે વાડીલાલ ત્રીકમરામ ખુરેઠા નાકેદાર
૧ દેશાઈ ઈશ્વર ધરણીધર તેરવાડાનાકેદાર
૧ શાહ મુગટરામ જુમખરામ સીદ્ધપુર
૧ પરી બળદેવ દલછારામ ,,
૧ પરી પ્રભુલાલ પ્રલ્હાદજી ,,
૧ ત્રવાડી માણુકલાલ કેશવરામ ,,
૧ ઠાકોર પ્રેહ્લાદ પ્રભાશંકર ,,

૧ મેહતા નારણુ હરગોવન ,,
૧ પરી ચુનીલાલ શામળદાસ મેરવાડા
૧ રા રા રઘુનાથરાવ ગણુપતરાવ રીકાર્ડર
પાલનપુર.
૮ શા ખુબચંદ ખુશાલચંદ માર્ફત.
૧ રવચંદ દીપચંદ સમી
૧ શુકલ મણીશંકર મહાદેવ ,,
૧ ઠક્કર ભુદર ગોપાળ. ,,
૧ પટેલ ચુનીલાલ અમીચંદ ,,
૧ ઠક્કર ધનજી રણછોડ ,,
૧ ઠક્કર સુંદરજી કેવળ. ,,
૧ ઠક્કર પબારતના ગુજરવાડા
૧ પટેલ અમૃતલાલ જેઠારામ. સમી
૧ શાહ સંપ્રીત શાંતીદાસ ,,
૧ વ્યાસ વૈકુંઠરામ મહાશંકર રાધુ
૧ બાબરીયા મોહનલ ાલ ભોગીલાલ. મુંજપુ
૧ પાઠક શીવરામ પીતાંબર ,,

૧ જોશી હરખજી પ્રભુરામ ,,
૧ રા રા વખતરામ રામચંદ માત્રોડા
તેસીલદાર
૧ રા રા રૂમનાથ વખતરામ મુજપુર
૧ રા રા પ્રભુલાલ ગણેશભાઈ સદરકોર્ટનાસી
૪ રા રા ભગવતીલાલ ઈશ્વરલાલ માર્ફત
૧ ભગવતીલાલ ઇશ્વરલાલ મુજપુર
૧ પ્રેમશંકર ગંગારામ પાટણુ
૧ શીવરામ જીવરામ પાટણુ
૧ ચતુરલાલ પ્રભુરામ થરા
૧ શા ત્રીભોવનદાસ નથુરામ મુજપુર
૧ ત્રવાડી શીવરામ વેલજી ,,
૧ દવે વિશ્વનાથ જેઠારામ ,,
૧ શા રૂગનાથદાસ નથુરામ ,,
૧ ઘાંચી ઊમરચંદ વેલચંદ ,,
૧ શા ન્યાલચંદ મયાચંદ ,,
૧ શા અમથાલાલ હેમજી ,,

૧	શા ગુલાબચંદ મયાચંદ	„
૧	જોશી પ્રાણશંકર ભવાનીશંકર	„
૧	પરી છોટાલાલ ભગવાનદાસ	„
૧	શા કેશવલાલ સરૂપચંદ	„
૧	રા રા ફતેરામ ઉજમરામ	પાટણ
૧	રા રા હરીશંકર અંબાશંકર	„
૧	રા રા દોલતરામ પ્રાણશંકર	„

૧	કડીયા મનસુખ અંબારામ	„
૧	રા હીમતલાલ પ્રાણશંકર	„
૩	મેહેતા જમનાલાલ જગજીવનદાસ માર્ફત	
૧	ઠક્કર લવજી ભગવાન	લોલાડા
૧	ઠક્કર શંકરજી ડોસાભાઈ	„
૧	મે જમનાલાલ જગજીવનદાસ	„
૧	રા રા માણેકલાલ સેવખરામ	

જાહેર ખબર.

આ જાહેર ખબર ઉપરથી સુજ્ઞ બંધુઓને ખબર આપવામાં આવે છે કે! અમારા તરફથી "સંગીત મદન મોહના નાટક" થોડા રોજમાં છપાઈ બહાર પડવાનું છે. જેમાં મદન મોહનાનું ધીર વીર ચરિત્ર શ્રૃંગાર અને હાસ્ય રસથી ભરપૂર રચવામાં આવેલું છે. તેમજ સદરહુ પુસ્તક સોળપેજી ચાર ફારમનું સારા ટાઇપથી છાપવામાં આવશે. કીમત પ્રથમ ગ્રાહક થનાર પાસેથી ત્રણ આના, અને પાછળથી ચાર આના લેવાનો ઠરાવ છે. જે ગ્રાહકને રાખવા ખુશી હોય તેમણે નીચેને સીરનામે પોસ્ટપેડ કાગળ લખી ખબર આપવા, જેથી પુસ્તક આખરે તેમનાં નામ મુબારક રાખવામાં આવે. અને દશ ચોપડીઓ રાખનારને એક ચોપડી ભેટ આપવામાં આવશે. ટપાલ ખર્ચ ચોપડીઓ રાખનારને શીર છે. એજ વિનતિ તા. ૭-૯-૯૩ ઈ.

કોટેશ્વર મહાત્મ્યની બુકો જેમને રાખવા ખુશી હોય તેમણે પોસ્ટપેડ પત્રથી ખબર આપવા. તે સાથે ટપાલ ખર્ચ પણ તેમને શીર છે. સામટી બુકો રાખનારને આઠ પ્રતે એક પ્રત ભેટ આપવામાં આવશે.

રાધનપુર તા. ૭-૯-૯૩
રણછોડજીના મંદીર પાસે.
સુતારવાડામાં.

લી. મોતીલાલ વિ. દુધારામ ચ.
કોટેશ્વર મહાત્મ્ય તથા સંગીત
મદન મોહના નાટકના કર્તા.